


4th October, 2015

VISIT…

LANZAROTE Caliente.COM

‘ટીન–એજ’માં બોયફ્રેન્ડથી સાવધાન

♦લેખક : શશીકાંત શાહ♦

●પ્રકાશક●

ડૉ. શશીકાંત શાહ

૩૫, આવીષ્કાર રૉ હાઉસ, તાડવાડી – રાંદેર રોડ,

સુરત – 395 009

સમ્પર્ક : 0261-277 6011 મોબાઈલ : 98252 33110

♦મુદ્રક♦

પ્રોગ્રેસીવ પ્રીન્ટીંગ પ્રેસ

શીવરામ ડાઈંગની ગલી, ખટોદરા ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, ખટોદરા, સુરત – 395 002 ફોન : 0261-263 1700

પ્રથમ આવૃત્તી : 1750 નકલ

દ્વીતીય આવૃત્તી : 1500 નકલ

તૃતીય આવૃત્તી : 1100 નકલ

●નોંધ●

છપાયેલી આ પુસ્તીકા ભેટમાં વહેંચવા માટે ૨૫૦ કોપીના ૩,૦૦૦/- રુપીયા પ્રમાણે પ્રાપ્ત થઈ શકશે.

eBook : ‘Teen–Age’maa Boy Friendthi Saavdhaan:
(A collection of Essays) By Dr. Shashikant Shah

ઈ.બુક મુલ્ય : લેખક અને સૌજન્યકાર તરફથી મફ્ફત લહાણી

●ઈ.બુક પ્રકાશક●

મણી મારુ

405, સરગમ એપાર્ટમેન્ટ, કૃષી યુનીવર્સીટી સામે, નવસારી.

પોસ્ટ : એરુ એ. સી.–396450 સેલફોન: 9537 88 00 66

ઈ.મેઈલ: manimaru1712@gmail.com

♦આ ઈ.બુકનું સમ્પુર્ણ સૌજન્ય♦

એક શુભેચ્ક તરફથી

●માર્ગદર્શન અને પ્રુફવાચન●

ઉત્તમ ગજ્જર

ગુરુનગર, વરાછા રોડ, સુરત- 395 006

ફોન : 0261-255 3591 ઈ.મેઈલ : uttamgajjar@gmail.com

♦ઈ.બુક અક્ષરાંકન♦

‘મણી મારુ’ પ્રકાશક વતી : ગોવીન્દ મારુ ‘અભીવ્યક્તી’

સેલફોન: 9537 88 00 66 ઈ.મેઈલ : govindmaru@gmail.com

અર્પણ

‘ટીન–એજ’માં
બૉયફ્રેન્ડ બનાવવાથી
અને સેક્સ માણવાથી
બચીને રહેલી સંસ્કારી
દીકરીઓને...
અભીનન્દન, શુભેચ્છા
અને
આશીર્વાદ સાથે

Ebook Distributed by:

અક્ષરનાદ
AksharNaad.com

ઈ.બુકનું સ્વાગત છે

‘ટીન–એજ’માંથી પસાર થઈ રહેલી માસુમ, નીર્દોષ દીકરીઓને ઉદ્દેશીને ‘ગુજરાતમીત્ર’ દૈનીકમાં ‘શીક્ષણ અને સંસ્કારની સમસ્યાઓ’ કૉલમમાં મારી એક લેખમાળા પ્રસીદ્ધ થઈ. ત્યાર પછી એ લેખો ‘ટીન–એજમાં બોયફ્રેન્ડથી સાવધાન’ એ શીર્ષક હેઠળ પુસ્તીકા સ્વરુપે પ્રકાશીત થયા.

‘ટીન–એજમાં બોયફ્રેન્ડથી સાવધાન’ એ પુસ્તીકાને પણ શૈક્ષણીક સંસ્થાઓ અને સંસ્કારી પરીવારો તરફથી પ્રેમ અને ઉષ્માપુર્ણ આવકાર મળ્યો. કેટલાક વાચકમીત્રો તરફથી આ પુસ્તીકાને ‘ઈ.બુક’ તરીકે પ્રકાશીત કરવાની વીનન્તીઓ પણ આવવા માંડી. વીદેશમાં રહેતા વડીલો ગુજરાતી જાણતી ટીન–એજ દીકરીઓને આ બધા સંસ્કાર આપવા આતુર હતા. એટલે એ સૌ મીત્રોને ઈ.બુકમાં ખુબ રસ પડે એમ હતું.

મારા મીત્રો શ્રી. ઉત્તમભાઈ ગજ્જર અને શ્રી. ગોવીન્દભાઈ મારુએ આ પુસ્તીકાને ઈ.બુક સ્વરુપે રજુ કરવાની કામગીરી ખંતથી ઉપાડી લીધી, જેના પરીણામ સ્વરુપે આ ઈ.બુક આપના ખોળામાં (લેપટૉપ કે મોબાઈલમાં) હાજર છે ! ઈ.બુકનો સૌથી મોટો લાભ એ છે કે

દેશની સરહદો ઓળંગીને વાચક ઈચ્છે ત્યાં, આંગળીના ટેરવે વાંચી શકાય છે. દેશવીદેશના અનેક વાચકોને 'ટીન–એજમાં બોયફ્રેન્ડથી સાવધાન' પુસ્તીકા હવે પ્રાપ્ત થઈ શકશે એ વાતનો આનન્દ છે.

ગુણવત્તા સાથે ઈ.બુક પરીપુર્ણ કરવાનું કાર્ય પ્રતીભા અને પરીશ્રમ માંગી લેનારું છે. વીશેષરુપથી રસ લઈને આ પડકારરુપ કાર્ય ઉપાડી લઈને સમાજ સમક્ષ એક અત્યન્ત ઉપયોગી પુસ્તીકાને એક જ 'ઈ' અને 'ઉ' વાળી સરળ જોડણીમાં, 'ઈ.બુક'ના સ્વરુપે રજુ કરી આપનાર મારા મીત્રો શ્રી. ઉત્તમભાઈ અને શ્રી. ગોવીન્દભાઈનો હૃદયપુર્વક આભાર માનું છું.

ટીન–એજ દીકરીઓના વડીલો આ ઈ.બુકના માધ્યમથી પોતાની વહાલી દીકરીઓને સંસ્કાર આપવાની ફરજ પુર્ણ કરશે એવી અપેક્ષા છે. પુનઃ હું 'ઈ.બુક'ના સર્જકો શ્રી. ઉત્તમભાઈ ગજ્જર અને શ્રી. ગોવીન્દભાઈ મારુ પ્રત્યે ઉંડા આભારની લાગણી પ્રગટ કરું છું.

-શશીકાંત શાહ

35, આવીષ્કાર રો હાઉસ,

તાડવાડી, રાંદેર રોડ,

જન્માષ્ટમી, 2015

સુરત – 395 009
ફોન : 0261-2776011
મોબાઈલ : 98252 33110



અનુક્રમણીકા

પ્રસ્તાવના

‘ગુજરાતમીત્ર’ના સુત્રધાર આદરણીય શ્રી. ભરત રેશમવાળાનો હૃદયપુર્વક આભાર માનું છું.

‘ગુજરાતમીત્ર’ના વાચકોને કયા શબ્દોમાં નવાજું...? સમજ પડતી નથી. એમણે જે પ્રેમ અને ઉષ્માથી મારી કૉલમને આવકારી છે તે માટે આભાર માનવા પર્યાપ્ત શબ્દો જડતા નથી.

આ પુસ્તીકાને પુરસ્કૃત કરનારા સહૃદયી મીત્રો પ્રત્યે પણ ઉંડી કૃતજ્ઞતા વ્યક્ત કરું છું.

-શશીકાંત શાહ

35, આવીષ્કાર રો હાઉસ,

તાડવાડી, રાંદેર રોડ,

સુરત – 395 009

ફોન : 0261-277 6011

મોબાઈલ : 98252 33110

તારીખ : 30 એપ્રીલ, 2015



અનુક્રમણીકા

અનુક્રમણીકા

‘લેખનું શીર્ષક’ કૉલમમાં આપની પસંદગીના લેખ પર ક્લીક કરતાં જ તે લેખનું પાનું ખુલશે. એ જ પ્રમાણે દરેક લેખના અન્તે લખવામાં આવેલ ‘અનુક્રમણીકા’ શબ્દ પર ક્લીક કરતાં જ આ અનુક્રમણીકા ખુલશે. આ સુવીધાનો લાભ લેવા વીનન્તી છે.

01

માતા-પીતાને છેતરવાં એ ખુબ મોટું પાપ છે

'માતા–પીતાને કારણે આપણને ધરતી પર મનુષ્ય તરીકે જીવન ધારણ કરવાની તક મળી છે. આપણે માટે માતા–પીતા ભગવાનનું સ્વરુપ છે. તેઓ ખુબ ઉંચાં સ્વપ્નો સાથે આપણને શાળા, કૉલેજ કે ટ્યુશન ક્લાસમાં શીક્ષણ અને સંસ્કાર મેળવવા માટે મોકલે છે. કેટલાંક ગરીબ માતા–પીતા અડધાં ભુખ્યાં રહીને, ફાટેલાં કપડાં પહેરીને, દેવું કરીને, આપણને ભણાવે છે. એમનાં હૃદયને દુ:ખ થાય, ઠેસ પહોંચે એવી કોઈ પ્રવૃત્તીમાં જોડાવું ન જોઈએ. જે કૃત્ય માતા–પીતાથી છુપાવવાની ઈચ્છા થાય, એ કૃત્ય ખોટું અને અનૈતીક હોવાની પુરી સમ્ભાવના છે. રોજેરોજ બનતી તમામ ઘટનાઓથી માતા–પીતાને વાકેફ રાખો'



'ટીન–એજ'(ષોડશી) દીકરીઓ માટેના આ 'ગ્રીષ્મ શીબીર'માં આપ સૌનું સ્વાગત છે. હમણાં બોર્ડની પરીક્ષાઓ ચાલે છે; એટલે એક સપ્તાહ પછી આ લેખમાળા શરૂ કરો તો ? એવી

વીનન્તી કેટલાક જાગૃત પીતાઓએ પાઠવી છે. આ શીબીરમાં જોડાવા માટે મુગ્ધાવસ્થામાંથી પસાર થઈ રહેલી દીકરીએ અઠવાડીયે એક વાર માત્ર ‘વીસ મીનીટ’ આપવાની છે. પરીક્ષાઓ ચાલે છે; છતાં પ્રાત:વીધી, ભોજન, નીદ્રા વગેરે દૈનીક પ્રવૃત્તીઓ અટકાવી દેવાતી નથી. તો પછી દીકરીઓનાં કલ્યાણ માટેની આ વાતોને પન્દર દીવસ શા માટે મોકુફ રાખવી ? આપણાં માતા–પીતા સાથેના સમ્બન્ધો કેવા હોવા જોઈએ તેની ચર્ચા પ્રારંભમાં કરી લઈએ.

માતા–પીતા જ્યારે આપણને અઢી ત્રણ વર્ષની ઉમ્મરે શાળામાં પ્રવેશ અપાવે છે, ત્યારે ખુબ ખુશ હોય છે. કેટલાંક તો મીત્રો અને સગાંસમ્બન્ધીઓને મીઠાઈ પણ વહેંચે છે અને આનન્દ તથા ઉત્સાહથી સૌને કહે છે : ‘અમારી દીકરી આજથી સ્કુલમાં જવા માંડી... અમે તેને અંગ્રેજી માધ્યમમાં ઈન્ટરનેશનલ સ્કુલમાં મુકી છે. એ જીવનમાં ખુબ આગળ વધે, મહાન બને, આપણા સૌનું નામ રોશન કરે, એવા આશીર્વાદ આપો.’

તમે નોંધ્યું ? એમનાં દીલમાં તમારે માટે આશા, ઉત્સાહ અને ઉમંગ છે. તમારે અંગે એમણે ખુબ ઉંચાં ઉંચાં સપનાંઓ જોયાં છે. માતા–પીતાનો આ પ્રેમ જોતાં આપણી જવાબદારી ખુબ વધી જાય છે. તમે બાલ્યાવસ્થા વટાવીને હવે તરુણાવસ્થામાં પ્રવેશી ચુક્યાં છો. જે અવસ્થા માટે ‘હેન્ડલ વીથ કેર’ કહેવાયું છે; એવી આ નાજુક, નમણી અને જોખમી અવસ્થા છે. માતા–પીતાની

સુચનાનો અનાદર કરવાની ઈચ્છા થાય, મીત્રો અને સાહેલીઓ સાથે મોજમજા કરવાની ઈચ્છા જાગે, હૃદયમાં નહીં સમજી શકાય એવાં તોફાનો ઉદ્ભવે, મધુર મુંઝવણો અને પ્રશ્નો આપણને અકળાવે, ક્યારેક માતા–પીતા અને સમાજની સામે વીદ્રોહ કરવાની ભાવના જન્મે. ‘મારે શા માટે બધી વાતોમાં એમની મંજુરી માંગવાની ? મારી બધી પર્સનલ વાતો મારે એમને શા માટે કહેવાની ? વર્તન–વ્યવહાર અંગે મારી સ્વાયત્તતા મારે શા માટે ગુમાવી દેવાની ? વગેરે, વગેરે....’

ખરેખર તો, માતા–પીતા પણ એવું નથી સમજતાં કે તેઓ તમારા માલીક છે, બૉસ છે અને પ્રત્યેક નાનીમોટી વાતમાં તમારે એમને પુછવું જ જોઈએ. એમની તો બસ એક જ ઝંખના હોય છે : ‘અમારી દીકરી સલામત રહે, અમારી ‘રાજકુમારી’ પર કોઈ આપત્તીનાં, દુર્ઘટનાનાં વાદળો ન ઘેરાય. એ હમ્મેશાં ખુશ રહે, સ્વસ્થ રહે અને સુખી રહે.’ જેને આપણે પપ્પા–મમ્મીનું દાબદબાણ કહીએ છીએ, મમ્મીની જે સલાહ આપણને કચકચ લાગે છે, વસ્ત્રોની પસન્દગી વખતે જે માતા–પીતા આપણને જુનવાણી લાગે છે.. એ હકીકતમાં આપણા પ્રત્યેનો એમનો પ્રેમ છે અને આપણી સલામતી અંગેની એમની ચીન્તા છે. માતા–પીતાનાં સલાહસુચનો હમ્મેશાં આપણા ભલા માટે હોય છે, તેઓ નીરન્તર આપણું શુભ ઈચ્છતાં હોય છે. એમને અંગે ગેરસમજ કરવાથી બચીએ.

આપણો માતા–પીતા સાથેનો સમ્બન્ધ કેવો હોવો જોઈએ ? માતા–પીતાએ પણ એ વીચારવાનું છે કે લાડકી દીકરી સાથે એમનો સમ્બન્ધ કેવો હોવો જોઈએ. સૌથી મહત્ત્વની જરુરીયાત એ છે કે રોજ સાંજે દીકરી અને માતા–પીતા વચ્ચે ઓછામાં ઓછો એક કલાકનો વાર્તાલાપ ચાલે. આ 'ઘરસભા'નો સમય બે કલાકનો હોય તો વધારે સારું, દીહેણ હાઈ સ્કુલની એક વીદ્યાર્થીનીએ પુછ્યું હતું, 'શું તાલીમ અને સંસ્કારની જરુર માત્ર છોકરીઓને છે ? દીકરાઓને એ બધું આપવાનું કે નહીં ?' માતા–પીતા આ અણીદાર પ્રશ્ન હમ્મેશાં યાદ રાખે. આપણા દીકરાને સંસ્કાર આપીશું તો જ બીજાઓની દીકરી સલામત રહેશે ને ? માતા–પીતા પોતાનાં સન્તાનોને એટલો પ્રેમ આપે, એટલો સમય આપે કે તેઓ કદી માતા–પીતાને છેતરવાનો વીચાર સુધ્ધાં ન કરે. ટીન–એજ દીકરી લંપટ અને વાસનાભુખ્યા છોકરા તરફ સહેલાઈથી ઢળે છે; તેનું કારણ પોતાના ઘરમાંથી પ્રેમ મળતો નથી એ છે. દીકરી પ્રેમ અને લાગણી ઘરની બહાર શોધવા નીકળે તેનું મુખ્ય કારણ માતા–પીતાની વ્યસ્તતા છે. પીતા તો પીતા; કેટલીક આધુનીક મમ્મી પણ એવી રહસ્યમય પ્રવૃત્તીઓમાં ડુબેલી રહે છે કે દીકરી સહેલાઈથી કોઈ લંપટ વરુની લપેટમાં આવી જાય છે. ઘરમાં પારીવારીક પ્રેમ અને પ્રસન્નતાનું વાતાવરણ હોય તથા રોજ સાંજે દીકરીને વહાલાં પપ્પા–મમ્મી સાથે સંવાદ સાધવાની તક મળતી હોય તો દીકરી કહેવાતો પ્રેમ મેળવવા બહાર ભટકવા મજબુર નહીં બને. આપણી દીકરી શા માટે ગુમરાહ થઈ ? એ

પ્રશ્નનો ઈમાનદારીથી ઉત્તર શોધવાની કોશીશ કરીએ તો જવાબમાં માતા કે પીતા જડી આવશે.

'બારમા ધોરણમાં અભ્યાસ કરતી એક છોકરીએ આત્મહત્યા કરી લીધી. એણે પોતાની સુન્દર જીન્દગી મૃત્યુને હવાલે કેમ કરી દીધી ? તમે કલ્પના કરી શકો છો ?' એવો પ્રશ્ન પુછાયો ત્યારે ઘણી છોકરીઓએ હાથ ઉંચો કર્યો. એક છોકરીએ સંકોચ સાથે જવાબ આપ્યો : 'એ પ્રેગનન્ટ બની હશે એટલે !' સીત્તેર ટકા માતાઓ આ બધી વાતોની સમજ પોતાની દીકરીઓને આપે છે, એ પણ જાણવા મળ્યું. લગભગ ત્રીસ ટકા છોકરીઓને ઘરમાંથી મુગ્ધાવસ્થાનું શીક્ષણ મળતું નથી; એટલે લંપટ છોકરાઓ ફાવી જાય છે. ટીનેજર દીકરીઓ એક વાત હમ્મેશાં યાદ રાખે, ભગવાને તમને તમારો બેસ્ટ બોયફ્રેન્ડ ઘરમાં જ આપ્યો છે. તમે એને શોધવા માટે બહાર શા માટે ફાંફાં મારો છો ? બહારથી જે બોયફ્રેન્ડ મળશે એ મોટે ભાગે તમારા શરીરનો ફ્રેન્ડ હશે, એને માત્ર તમારું શરીર ચુંથવામાં જ રસ હશે. એ વારંવાર કોઈને કોઈ બહાને તમારા શરીરને સ્પર્શવાની, અડપલાં કરવાની તક શોધ્યા કરશે. એ ભ્રમરવૃત્તીનો બોયફ્રેન્ડ તમારા જેવી કેટલીયે છોકરીઓની લાગણી સાથે રમત રમીને તમારા સુધી પહોંચ્યો છે એની તમને કલ્પના આવી શકે છે ? તમે બોયફ્રેન્ડ બનાવો, ક્લાસમાં ભણવા જવાનું છોડીને હોટેલ, થીયેટરોમાં રખડવા–

ભટકવાનું શરૂ કરો; એટલે તમારાં વર્તનવ્યવહારમાં આ પ્રમણેના ફેરફારો જોવા મળશે :

(૧) માતા–પીતાને છેતરવાં, એમનાથી બધી વાતો છુપાવવી.

(૨) અભ્યાસમાં ધ્યાન ન આપવું. સ્કુલ કે કૉલેજ છોડી બહાર હોટલ–થીયેટરોમાં ચહેરો છુપાવીને રખડવા–ભટકવાની ઈચ્છા થવી.

(3) બોયફ્રેન્ડની જુઠી પ્રશંસાથી ફુલાઈ જઈને અહંકારપુર્વક વર્તવું, ખાસ કરીને માતા–પીતા તથા ભાઈ–બહેન સાથે.

(૪) પરીક્ષામાં ઓછા માર્ક્સ મેળવી કારકીર્દીને જોખમમાં મુકવી.

(૫) ઘરે આવ્યા પછી પણ ખોવાયેલા ખોવાયેલા રહેવું.

દીકરીના આ પ્રકારનાં વર્તનવ્યવહાર જોવા મળે તો એ અંગે માતા–પીતાએ, સભાનતા કેળવીને સાવચેતીનાં પગલાં લેવા માંડવાં જોઈએ.

સંસ્કાર બીન્દુ

સીર્ફ એક કદમ ઉઠા થા ગલત રાહ–એ–શૌકમેં

મંઝીલ તમામ ઉમ્ર મુઝે ઢુંઢતી રહી.

... અદમ ...




અનુક્રમણીકા

02

બોયફ્રેન્ડ નહીં હોવો એ અપરાધ ગણાય ?

“ટીન–એજ ગર્લ્સ માટેના તાલીમ શીબીરમાં કેટલીક છોકરીઓએ વારંવાર આ પ્રશ્નો ઉભા કર્યા છે : બોયફ્રેન્ડ ન હોય એવી છોકરી ‘મણીબહેન’ કહેવાય ? એણે લઘુતાગ્રંથી અનુભવવી જોઈએ ? બોયફ્રેન્ડ નહીં હોવો એ અપરાધ છે ? પ્રથમ લેખના સન્દર્ભમાં અગીયારમાં ધોરણમાં અભ્યાસ કરતી સ્નેહા પરમાર પુછે છે : પપ્પાને બોયફ્રેન્ડ ગણવાનું યોગ્ય કહેવાય ? પપ્પા એ તો પપ્પા જ ગણાય ને ! શીબીર દરમ્યાન મેં કહ્યું હતું : ‘દેખાવડી છોકરીઓ પર જોખમ વધારે છે. લંપટ છોકરાઓ ફસાવવામાં એમને પ્રાયોરીટી આપશે.’ પ્રવચનને અંતે એક દેખાવડી કન્યાએ સોંસરો સવાલ પુછયો, ‘શું દેખાવડા હોવું એ અભીશાપ છે ?’ દેખાવડા હોવું એ અભીશાપ નથી; લંપટ છોકરાની વાસનાનો શીકાર બનવું એ અભીશાપ છે.”



ટીન–એજ દીકરીઓ સાથે આજે આપણી ચર્ચાનો વીષય, ‘બોયફ્રેન્ડ હોવો જોઈએ કે નહીં ?’ એ છે. શીક્ષણક્ષેત્રે એકતાળીસ વર્ષ સેવા આપ્યા પછી હું એવા નીષ્કર્ષ પર આવ્યો છું કે ટીન–

એજમાં બોયફ્રેન્ડ ધરાવતી છોકરીઓ તીવ્ર અહંકાર ધરાવતી થઈ જાય છે. બોયફ્રેન્ડ મેળવવા માટે કોઈ અસાધારણ પ્રતીભાની જરુર હોય, અભ્યાસમાં મહત્તમ માર્કસ મેળવીને પાસ થવું પડતું હોય, એવું જરુરી નથી. બોયફ્રેન્ડને ઍવોર્ડ, ઈલકાબ કે ઓર્નામેન્ટ સમજતી છોકરીને એક, બે ત્રણ કે ચાર બોયફ્રેન્ડ સહેલાઈથી મળી જાય છે. બોયફ્રેન્ડ હોવો એ ગૌરવ કે પરાક્રમનો વીષય નથી. તેર, ચૌદ કે પન્દર વર્ષની ઉમ્મરે બોયફ્રેન્ડ શા માટે હોવો જોઈએ ? એ પ્રશ્નનો સંતોષકારક ઉત્તર મને હજુ સુધી મળ્યો નથી. ટીન–એજમાં આપણી પાસે જે રીતે મોબાઈલ ફોન હોવો જોઈએ, દ્વીચક્રી વાહન હોવું જોઈએ (ભલે આપણી પાસે ડ્રાઈવીંગ લાયસન્સ ન હોય). એ જ રીતે આપણી પાસે બોયફ્રેન્ડ પણ હોવો જોઈએ એવી માન્યતા સાથે કેટલીક છોકરીઓ આ બધું મેળવવા માતા–પીતા સાથે ઝઘડે છે, તેમને ધાક–ધમકી આપે છે અને બ્લેકમેલ પણ કરે છે. આજ સુધીમાં અમે સેંકડો શીબીરોમાં હજારો છોકરીઓને આ પ્રશ્નો પુછ્યા છે (1) તમારામાંથી કોની પાસે મોબાઈલ ફોન છે ? (2) તમારામાંથી કોની પાસે યાન્ત્રીક દ્વીચક્રી વાહન છે ? (3) તમારામાંથી કોની પાસે બોયફ્રેન્ડ છે ? પહેલા પ્રશ્નના જવાબમાં અંદાજે સાઠ ટકા છોકરીઓનો હાથ ઉંચો થાય છે. ચાળીસ ટકા છોકરીઓ પાસે લાયસન્સ ન હોવા છતાં દ્વીચક્રી વાહન હોવાનું જણાયું. પચાસ છોકરીઓના જુથમાં બોયફ્રેન્ડ ધરાવતી છોકરીઓ માંડ બે કે ત્રણ જોવા મળતી. બોયફ્રેન્ડ હોવા ન હોવાને આપણે પરીવારના સંસ્કાર સાથે ન જોડીએ; છતાં બોયફ્રેન્ડ ધરાવવામાં

જોખમ છે. એટલું તો મોટા ભાગની ટીન–એજ છોકરીઓ સમજે છે. બારથી સત્તર વર્ષની વયજુથમાં આવતી છોકરીઓ ઘરની બહાર બોયફ્રેન્ડ શોધવા નહીં નીકળે એ સલાહભરેલું છે. આપણે પુર્વે ચર્ચા કરી ગયા તે અનુસાર ઘરમાં જ ભાઈ કે પપ્પા જેવા બેસ્ટ બોયફ્રેન્ડ હોય, તો પછી બહાર બોયફ્રેન્ડ શોધવા ભટકવાની કોઈ જરુર ખરી ? નાની ઉમ્મરે બોયફ્રેન્ડથી બચેલા રહેવાની સલાહ આપવા પાછળ આ પ્રમાણેનાં કારણો છે :

(1) મુગ્ધાવસ્થા દરમ્યાન બોયફ્રેન્ડને સાચા સ્વરુપે ઓળખવાની યોગ્યતા કે ક્ષમતા હોતી નથી.

(2) બોયફ્રેન્ડની શરીરસમ્બન્ધ બાંધવાની માગણી નકારવાની હીમ્મત હોતી નથી.

(3) બોયફ્રેન્ડના દુર્ગુણો નજરે ચડતા નથી. મૈત્રી બંધાયા પછી બોયફ્રેન્ડ બ્લેકમેલ કરી શકે છે.

(4) બોયફ્રેન્ડ આપણને છોડીને બીજી વધારે દેખાવડી કે ધનવાન છોકરીને પકડે ત્યારે તીવ્ર ડીપ્રેશનમાં આવી જવાય છે અને ક્યારેક આ આઘાત આત્મહત્યા તરફ દોરી જાય છે.

(5) અભ્યાસમાં રુકાવટ ઉભી થાય છે. અસાધારણ તેજસ્વી અને પ્રતીભાશાળી છોકરીઓ પણ બોર્ડની બાર

સાયન્સની પરીક્ષામાં નાપાસ થઈ હોય એવા કેટલાક કીસ્સાઓ નોંધાયા છે.

બોયફ્રેન્ડ ન હોય એવી છોકરીઓએ કદી પણ દુ:ખી થવાની કે લઘુતાગ્રંથી અનુભવવાની જરુર નથી. જેમની પાસે બોયફ્રેન્ડ છે તેઓ તમારા કરતાં કઈ રીતે વધારે ચડીયાતી છે, તેનો એકાદ મુદ્દો પણ જડે તો મને જણાવજો.

શું બોયફ્રેન્ડ હોવો દુરાચાર છે ? એ પ્રશ્નનો ઉત્તર આમ તો 'ના'માં આપવાનું મને ગમે; પરન્તુ એમ કરતાં પુર્વે એ જાણવું જરુરી બની જાય છે કે તમારા બોયફ્રેન્ડ સાથેના સમ્બન્ધો કયા પ્રકારના છે ? એક પ્રથમ હરોળના ઉદ્યોગપતીની પત્નીએ કાઉન્સેલીંગ દરમ્યાન રડતાં રડતાં પોતાની મુંઝવણ જણાવી હતી : 'સર, મારો અઢાર વર્ષનો દીકરો આઠ ગર્લફ્રેન્ડ્ઝ ધરાવે છે. રોજ નવી નવી કન્યામીત્રને ઘરે પકડી લાવે છે, તોયે કોઈ એક બીચારી મારા પુત્રને મળવાથી વંચીત રહી જાય ! એ પોતાની ફ્રેન્ડને ઘરે લઈ આવે તેનો વાંધો નથી; પરન્તુ ગર્લફ્રેન્ડ સાથે ઘરે આવીને પોતાના રુમમાં ભરાયા પછી એ રુમને અન્દરથી સ્ટોપર શા માટે મારી દે છે ? 'અમે અન્દર બેસીને વાંચતા હોઈએ ત્યારે તું અમને ખલેલ પહોંચાડે એ મને ગમતું નથી; એટલે રુમને અન્દરથી બંધ કરી દઈએ છીએ.' એવો દીકરાનો બચાવ મારે ગળે ઉતરતો નથી,' એવું દુ:ખી હૃદયે મમ્મી કહે છે. આવા કુપુત્રો એક–બે નહીં, અનેક છે. તેથી જ પેલો પ્રશ્ન ઉદ્ભવે છે કે તમારા બોયફ્રેન્ડ

સાથેના સમ્બન્ધો કેવા છે તે જાણ્યા પછી એ સમ્બન્ધને દુરાચાર ગણાય કે સદાચાર તે નક્કી કરી શકાય.

લંપટ છોકરાઓ માસુમ, નીર્દોષ મુગ્ધાઓને કઈ રીતે ફસાવે છે તેનું એક ઉદાહરણ ચોંકાવી દે એવું છે. આઠેક વર્ષ પરની વાત છે. સુરત શહેરના એક ડૉક્ટર દમ્પતીની દીકરી પાર્લે પોઈન્ટ પર આવેલી એક પ્રખ્યાત શાળામાં દસમા ધોરણમાં અભ્યાસ કરતી હતી. છોકરી અભ્યાસમાં ખુબ તેજસ્વી અને દેખાવે પણ આકર્ષક હતી. એક સોહામણા છોકરાએ છોકરીને ફસાવવા ચક્કર કાપવા માંડ્યા. પન્દરેક દીવસની છોકરાની ઉઠબેસ જોઈને છોકરીને દયા આવી અને તેણે સ્માઈલ ફેંકીને છોકરાના પ્રેમને સ્વીકૃતી આપી. પોતાના પરીચયમાં ડફોળ છોકરાએ જુઠાણું ચલાવ્યું : 'હું મેડીકલ કોલેજમાં ફર્સ્ટ ઈયરમાં ભણું છું !' છોકરી ખુશ થઈ ગઈ અને પ્રભાવીત પણ થઈ. દસમા ધોરણમાં ચોરાણું ટકા માર્કસ્ સાથે પાસ થયેલી છોકરી બાર સાયન્સમાં અઠ્ઠાવન ટકા લાવીને અટકી ગઈ. પેલા લફંગા છોકરા સાથે હોટેલ, થીયેટરમાં રખડવા, ભટકવા માટે એણે છત્રીસ ટકા અને પીતાજીના બે–ચાર લાખ રુપીયા ખર્ચી નાખ્યા. બોયફ્રેન્ડ તદ્દન લુખ્ખો હતો અને ડૉક્ટર દમ્પતીની દીકરીને એના જ પૈસે ફેરવતો હતો.

છોકરીએ હવે મેડીકલ કોલેજમાં એડમીશન મેળવીને ડૉક્ટર બનવા તરફની વીકાસયાત્રા શરુ કરી. હવે તે ત્રણ વર્ષ

પુર્વે હતી એટલી નાદાન કે ગમાર નહોતી રહી. સ્માર્ટ છોકરીએ બોયફ્રેન્ડને પેલો જુનો પ્રશ્ન વધારે ઝનુનપુર્વક પુછવા માંડ્યો : 'તું કઈ મેડીકલ કોલેજમાં ભણે છે ? હવે તું કયા વર્ષમાં આવ્યો ? તારું રીઝલ્ટ શું આવ્યું ?' વારંવારની પઠાણી ઉઘરાણી પછી છોકરાએ કબુલવું પડ્યું : 'હું મેડીકલ કોલેજમાં નથી ભણતો. આઠ ચોપડી ભણીને શાળા છોડી દીધેલી. સ્કુટર રીપેર કરવાના ગેરેજમાં મીકૅનીક તરીકે નોકરી કરું છું.' હવે છોકરીના પગ નીચેની જમીન સરકી ગઈ. છોકરામાં છુપાયેલો ખલનાયક પોતાની સાચી ઓળખ સાથે બહાર આવી ગયો. મેડીકલ કોલેજમાં એડમીશન મેળવીને ડૉક્ટર બનવા તરફ આગળ વધી રહેલી ડૉક્ટર પુત્રીએ વરુના સકંજામાંથી છુટવા કોશીશ કરી; એટલે બોયફ્રેન્ડ બ્લેકમેલીંગ પર ઉતરી આવ્યો : 'તારા પ્રેમપત્રો, આપણા ફોટા, તારા મધુર અવાજમાં બોલાયેલું આઈ લવ યુ, તેં આપેલા કીંમતી વેલેન્ટાઈન કાર્ડ બધું જ મેં સાચવી રાખ્યું છે. હવે તું મને છોડીને ક્યાંય નહીં જઈ શકે. બીજે લગ્ન કરશે તોયે પતી તરીકેનો મારો હક્ક ચાલુ રહેશે.' આઠ ચોપડી ભણેલો ગેરેજમાં મજુરી કરતો મીકૅનીક હવે પોતાના અસ્સલ સ્વરુપમાં પ્રગટ થયો.

છોકરીને આત્મહત્યાના વીચારો આવવા માંડ્યા. દરમ્યાનમાં એને જાણવા મળ્યું કે પોતાના જેવી આઠ–દસ છોકરીઓને એ હેન્ડસમ યુવાને ગ્રાહકોના કીંમતી દ્વીચક્રી વાહનો પર સવાર થઈ થઈને ફસાવી હતી. છેવટે, એ છોકરીએ સાચો માર્ગ પસન્દ કર્યો.

પોતાના વહાલા પપ્પાને રડતાં રડતાં પોતાની ગંભીર ભુલની વાતો કરી દીધી. પોતાને બચાવી લેવા વીનન્તી કરી. પીતાએ પોતાના સમ્પર્કનો ઉપયોગ કરી પોલીસ કમીશ્નરને કેસ હાથમાં લેવા લેખીત અરજી આપી. લંપટ છોકરાને પોલીસોએ લોકઅપમાં ધકેલી દઈ ચાર દીવસ સુધી ભારે મહેમાનગતી કરીને એવી ચેતવણી સાથે છોડ્યો કે ડૉક્ટરપુત્રીની આજુબાજુ ભુલથી પણ ફરકશે તો આખી જીન્દગી જેલમાં સડવું પડશે. 'પન્દરમાં વર્ષે બોયફ્રેન્ડ બનાવવાના ગેરફાયદાઓ' એ વીષય પર આ ડૉક્ટરપુત્રી પોતાની સાથે અભ્યાસ કરતી યુવતીઓને આજકાલ છટાદાર પ્રવચનો આપે છે...

સંસ્કાર બીન્દુ

ગયો હું મન્દીરે ત્યારે મને એ સત્ય સમજાયું
કે, માણસને અલગ માનો તો ઈશ્વર દુર લાગે છે.

... સુનીલ શાહ ...



અનુક્રમણીકા

03

બોયફ્રેન્ડ સાથેનો શરીરસમ્બન્ધ જોખમી છે...

‘ટીન-એજ’માં બોયફ્રેન્ડ બનાવવાનું જોખમ લેવા જેવું નથી. ‘મારે બોયફ્રેન્ડની જરુર કેમ છે ?’ તે પ્રથમ નક્કી કરો. હું જેને બોયફ્રેન્ડ તરીકે સ્વીકારવા ઈચ્છું છું એ છોકરો સારો છે કે ખરાબ તે પારખવાની મારી આવડત છે ? એ પ્રશ્ન પોતાને પુછો. બોયફ્રેન્ડ સાથે મારો સમ્બન્ધ કયા પ્રકારનો હશે ? એ ત્રીજો પ્રશ્ન ખુબ મહત્ત્વનો છે. હું ઈચ્છું તો બોયફ્રેન્ડથી મુક્ત થવાની સ્વતંત્રતા ધરાવું છું ? એ ચોથા પ્રશ્નનો ઉત્તર મેળવવાની કોશીશ કરો. બોયફ્રેન્ડના જુલમથી ડરી જઈને આત્મહત્યા કરી લેનારી છોકરીઓના ‘કેસ સ્ટડીઝ’ આપે તપાસી લીધા છે ? બોયફ્રેન્ડ શરીરસમ્બન્ધ બાંધવાની દરખાસ્ત લાવશે તો શું કરશો ?’



બોયફ્રેન્ડ બનાવવા સમ્બન્ધી અહીં રજુ થયેલા વીચારો કોઈને અઢારમી સદીના લાગે તો આ લખનારને નવાઈ નહીં લાગે. તેર, ચૌદ કે પન્દર વર્ષની નાદાન, માસુમ દીકરી પોતાનું શરીર ચુંથવા માટે કોઈ લંપટ છોકરાને ચરણે ધરી દે એવો માહોલ વ્યાપારી, બજારુ તત્ત્વો સમાજમાં ઈરાદાપુર્વક સર્જી રહ્યા છે. આજના યુગમાં શીસ્ત અને સંયમની વાતો કરનારાઓને હાંસી–મજાકનું પાત્ર બનાવનારાઓની સંખ્યા ઓછી નથી. ‘સર, મારે એક પણ બોયફ્રેન્ડ નથી. તેથી મને હીણપત લાગે છે, મારે શું

કરવું ?' એવો પ્રશ્ન દસમા ધોરણમાં અભ્યાસ કરતી છોકરી પુછે તો શો જવાબ આપવો ? જે છોકરીઓને પુખ્ત વયમાં પ્રવેશ્યા પહેલાં બોયફ્રેન્ડ બનાવવાની ઈચ્છા જાગે છે એમણે સમજી લેવાનું છે કે બોયફ્રેન્ડ દોસ્તી બંધાયાના ત્રીજા–ચોથા મહીને તમારું શરીર ભોગવવાની માગણી મુકશે, બોલો શું કરશો ? કેટલીક છોકરીઓ બોયફ્રેન્ડ બનાવવા કેમ લલચાય છે તેનો વીચાર કરીએ;

– એમને માટે બોયફ્રેન્ડ 'સ્ટેટસ સીમ્બોલ' છે... તેઓ હોઠ ખોલ્યા વગર ચહેરાના ભાવો બદલીને સીધીસાદી છોકરીને પુછતી હોય છે; 'મારી પાસે બોયફ્રેન્ડ છે... તારી પાસે છે ?' આવી મુંઝવણભરેલી સ્થીતીમાં વાર્તાલાપ કરવા સાંજે માતાપીતા ઉપલબ્ધ હોય તો છોકરી સચવાઈ જાય છે; નહીંતર તો એ બીચારી પણ બીજે દીવસે બોયફ્રેન્ડ શોધવા નીકળી પડે છે. અઢાર વર્ષની ઉમ્મર પુર્વે બોયફ્રેન્ડના ચક્કરમાં ફસાતી છોકરીઓની સંખ્યા માંડ પાંચ–દસ ટકા છે. એનું કારણ પરીવારના સંસ્કાર છે અને દીકરીનું ચારીત્ર્યશીલ સખીમંડળ છે. શાળામાં અભ્યાસ કરતી દીકરી વર્ગમાં સાથે અભ્યાસ કરતા છોકરા સાથે સામાન્ય વાતો કરે એ 'બોયફ્રેન્ડ–ગર્લફ્રેન્ડ'ની વ્યાખ્યામાં આવતો સમ્બન્ધ નથી. 'નમસ્તે, ગુડ મોર્નીંગ કે જયશ્રીકૃષ્ણ' કહેવાથી પણ મૈત્રીસમ્બન્ધ સ્થપાતો નથી. મૈત્રી શબ્દ વીશેષ ગાઢ સમ્બન્ધનું સુચન કરે છે. ફ્રેન્ડશીપ બાંધવામાં પણ કોઈ અપરાધ કે ગુનો બનતો નથી. હા, મીત્રો કેવા બનાવવા તેની તાલીમ, ઉંડી સમજ

પરીવારમાંથી પ્રાપ્ત થઈ હોય, તો આવી મૈત્રી ભયાનક દુર્ઘટનાનું કારણ બનતી નથી. અમે ટીન–એજ દીકરીઓને તાલીમ શીબીરમાં વારમ્વાર, પુનરાવર્તનનો દોષ વહોરીને સમજાવીએ છીએ કે; ભગવાને તમને છઠ્ઠી ઈન્દ્રીય આપેલી છે. બદમાશ છોકરાને, શીક્ષકને કે સમ્બન્ધીને જોવા માત્રથી તમને ખ્યાલ આવી જાય છે કે આ બદમાશથી દુર રહેવામાં જ સલામતી છે. નાયક અને ખલનાયક વચ્ચેનો ભેદ સમજવામાં છોકરીઓને કદી મુંઝવણ થતી નથી. સગીર વયમાં કોઈ છોકરાને મીત્રનો દરજ્જો આપવાને બદલે એને પરીચીતના દાયરામાં રહેવા દો તો વધુ સારું છે. એ બદમાશ નથી એવી પાક્કી ખાતરી થઈ જાય, એકાંતમાં પણ અડપલાં નથી કરતો એવો અનુભવ થાય; તો એવા છોકરાને મીત્ર ગણવાનું સાહસ કરી શકાય. જેને મીત્રનો દરજ્જો આપો એ બોયફ્રેન્ડ તરફથી શારીરીક શોષણ માટેની દરખાસ્ત આવે એટલે ચેતી જઈને એની સાથેના સમ્બન્ધ પર પુર્ણવીરામ મુકવું જોઈએ.

બોયફ્રેન્ડ સાથેનો અનૈતીક સમ્બન્ધ શરુ થઈ ગયો છે તેની જાણ શી રીતે થાય ?

–બોયફ્રેન્ડને વારમ્વાર આપણા શરીર સાથે છેડછાડ કરવાની છુટ આપવી.

–બોયફ્રેન્ડ સાથે હરવાફરવા જવાના પ્રસંગો માતાપીતાથી છુપાવવા.

–બોયફ્રેન્ડ તરફથી વારમ્વાર કીમતી ભેટસોગાદ સ્વીકારવી એના બદલામાં એની તમામ બદઈચ્છાઓ પુરી કરવી.

–ઘરે આવ્યા પછી પોતાના મોબાઈલ ફોનને પુર્ણત: પોતાના કબજામાં રાખવો અને તેને હાથ લગાડવાની છુટ કોઈને ન આપવી. સત્તર વર્ષનો બોયફ્રેન્ડ આપણને વારમ્વાર સ્પર્શ કરે, આપણા શરીરને ચુંથે તેનો વાંધો નહીં; પરન્તુ વહાલાં પપ્પા–મમ્મી આપણા ફોનને હાથ પણ લગાડે તો એમને ત્રાડ પાડીને ધ્રુજાવી દેવા... 'તમારી હીમ્મત કેવી રીતે થઈ, મારા ફોનને હાથ લગાડવાની ? તમે મારી 'પ્રાઈવસી'નો આદર નથી કરી શકતા ? તમે લોકો તદ્દન જંગલી છો... ખબરદાર, હવે પછી મારા ફોનને હાથ પણ લગાડ્યો છે તો !' જેમ આપણે આપણો ચહેરો બુકાનીમાં છુપાવીને બોયફ્રેન્ડને મળવા નીકળીએ છીએ, તેમ આપણા મોબાઈલ–ફોનને પણ બુકાની બાંધીને છુપાવવા ઈચ્છીએ છીએ. શું કારણ છે એનું ? કારણ એક જ છે... ફોનમાં બોયફ્રેન્ડે મોકલેલા અશ્લીલ, વાંચી ન શકાય એવા સંદેશાઓ છે, ગંદી વાતો લખેલી છે એણે... 'અરે, સેક્સને ગન્દુ કહેનારાઓના દીમાગમાં વીકૃતી છે... બાળકનો જન્મ માતાપીતાના સેક્સનું પરીણામ છે' એવી બહેકાવનારી વાતો તને સ્વાર્થી માણસો તરફથી મળ્યા કરવાની... પુખ્ત વયે મનગમતા પુરુષ સાથે લગ્ન કર્યા પછી બંધાતો તનસમ્બન્ધ અને મનસમ્બન્ધ પવીત્ર છે. પન્દર–સોળ વર્ષની સગીર વયની છોકરીને પટાવી–ફોસલાવી શરીરસમ્બન્ધ સ્થાપીત

કરી, પ્રેગનેન્ટ બનાવી છોડી દેવી, પછી બીજી, ત્રીજી, ચોથી છોકરીને કહેવાતા પવીત્ર પ્રેમસમ્બન્ધમાં ફસાવવા નીકળી પડવું, છોકરી આપણા સકંજામાંથી છુટવા માગે તો એને બ્લેકમેલ કરવી, આત્મહત્યા તરફ દોરી જવી, એ શું પ્રેમ છે ? પવીત્ર પ્રેમ છે ? હું ફરીથી કહું છું; સ્કુલમાં કે કૉલેજમાં જઈને ક્લાસ એટેન્ડ કરવાને બદલે લંપટ બોયફ્રેન્ડ સાથે શરીરસુખ માણવા સંતાતી, લપાતી અને છેવટે ડીપ્રેશન કે આત્મહત્યાનો ભોગ બનતી છોકરીઓની સંખ્યા માંડ પાંચ, દસ ટકા છે અને આપણી આ લેખમાળા એ કમનસીબ છોકરીઓને બચાવવા માટે લખાઈ રહી છે. ચહેરો છુપાવવો પડે, માતાપીતાને છેતરવાં પડે, અભ્યાસ ગુમાવવો પડે, ચારીત્ર્ય ગુમાવવું પડે… આપણને માતૃત્વ પામવાના માર્ગે દોરી જતો છોકરો… 'આ મારું બાળક નથી, તું બદચલન છે… કોની કોની સાથે સુતી હશે, ભગવાન જાણે… હવે મારે ગળે પડવા આવી ? તેં મારી સાથે લગ્ન પુર્વે શરીર સમ્બન્ધ બાંધ્યો ત્યારથી હું સમજી ગયો હતો કે તું ચારીત્ર્યહીન, રખડેલ–ભટકેલ છોકરી છે' એવું કહીને તમને જીન્દગીનો અન્ત લાવવા તરફ ધકેલે, આ બધું યોગ્ય છે ? ભગવાનનું સ્ટેટસ્ ધરાવતાં માતાપીતાને છેતર્યાં અને શેતાનનું સ્ટેટસ્ ધરાવતા બોયફ્રેન્ડને શરીર સોંપ્યું… 'સેક્સ તો પવીત્ર છે' એ સુત્રને ગળે ટીંગાડીને ફર્યાં… હવે ક્યાં જશો ? કેવી રીતે બચશો ? પશ્ચાત્તાપના આંસુ વહાવવા માટે એકાદ ઠેકાણુંયે બચ્યું હોતું નથી. સમાજ ખુબ ભલો છે, મીડીયાજગત પણ માણસાઈ દાખવે છે. પન્દરમાં વર્ષે પ્રેગનન્ટ બનેલી છોકરી

આત્મહત્યા કરે છે ત્યારે એની પ્રતીષ્ઠાને અકબંધ જાળવી રાખવા કહે છે; 'પરીક્ષામાં નાપાસ થવાના ભયથી 'નીર્ભયા' એ આત્મહત્યા કરી લીધી.' હા, પરીક્ષામાં નાપાસ થવાનો ભય તો ખરો જ... પરન્તુ જીન્દગીની પરીક્ષામાં નાપાસ થઈ ચુક્યાનો એ ભય હોય છે. માતાપીતાને હવે શો જવાબ આપીશ ? કેવી રીતે મોં બતાવીશ ? એ ભય નીર્દોષ, માસુમ છોકરીને આત્મહત્યા તરફ દોરી જાય છે. પોતાની સખી, સાહેલી પોતાના બોયફ્રેન્ડ સાથે લપાતી–છુપાતી શરીરસમ્બન્ધ બાંધવા કે થીયેટરમાં મેટીની–શૉમાં ફીલ્મ જોવા જતી હોય ત્યારે 'કંપની' આપવા એની સાથે ખેંચાવામાં પણ ભરપુર જોખમો છે... 'સાવધાન રહીએ, સતર્ક રહીએ, સુરક્ષીત રહીએ.'

સંસ્કાર બીન્દુ

એક ટ્રકની પાછળ સુન્દર સુત્ર લખેલું :


પાપ કરો, લેકીન દુબારા મત કરો !

(સૌજન્ય : એ–1 ડાયરી)

04

બોયફ્રેન્ડ સાથેના સમ્બન્ધો કેવા હોવા ઘટે ?

‘સગીર વયે બોયફ્રેન્ડ સાથેનો સમ્બન્ધ શરીરસમ્બન્ધમાં ફેરવાતા વાર લાગતી નથી. પન્દર વર્ષની એક તરુણી પહેલી નજરના પ્રેમનો શીકાર બની. અઢાર વર્ષના યુવાને મન્દીરમાં ભગવાનની સાક્ષીએ તેની સાથે લગ્નનું નાટક રચ્યું. ‘હવે આપણે પતી–પત્ની બન્યાં’ એવું ઈમોશનલ દબાણ લાવીને વારંવાર છોકરીને અને તેની સાહેલીને ભોગવી. જ્યારે છોકરી ગર્ભવતી બની ત્યારે ક્રુરતાપુર્વક એને તરછોડી દીધી. છોકરીએ આત્મહત્યા કરી લીધી અને તેની સાહેલી ડીપ્રેસનની સારવાર હેઠળ છે. સગીર વયે બોયફ્રેન્ડ–ગર્લફ્રેન્ડનો ખેલ જોખમી છે. સ્વછંદતાના સમર્થકોએ નીર્દોષ, ભોળી છોકરીઓને મોતને ઘાટ ઉતારવાનું પાપ આચર્યું છે.’



બોયફ્રેન્ડ બનાવવા–નહીં બનાવવા અંગે આ લખનારની સમજ સ્પષ્ટ છે. સગીર વયે બોયફ્રેન્ડ શોધવા નીકળવું, છોકરી માટે એ અપમૃત્યુનું કારણ બની શકે છે. ‘આપણે માત્ર મીત્રો છીએ, મારું શરીર ચુંથવાનો અધીકાર હું તને આપતી નથી’ એવા દૃઢ

મનોબળ સાથે કોઈ બોયફ્રેન્ડ બનાવે તો ભલે એમ થતું; પરન્તુ દીવસમાં હજાર વાર ગર્લફ્રેન્ડને 'આઈ લવ યુ' કહેતો લંપટ છોકરો પ્રેમનો અર્થ શો કરે છે તે સમજવું પડે. સગીર વયે જે સમ્બન્ધમાં સેક્સ માણવાની વાત નથી; એ સમ્બન્ધ પવીત્ર છે અને માન્ય છે. માન્યતા કોની ? પોતાની અને માત્ર પોતાની. જો સગીર વયે બોયફ્રેન્ડ સાથેનો સેક્સસમ્બન્ધ પવીત્ર હોય તો છોકરો–છોકરી તેને સમાજથી અને માતાપીતાથી છુપાવે છે શા માટે ? સગીર વયે સેક્સ ભોગવીને માતૃત્વ ધારણ કરવા તરફ આગળ વધતી છોકરી આત્મહત્યા કેમ કરે છે ? બોયફ્રેન્ડ શરીરને ભોગવ્યા પછી જે પરીણામ આવે તે સ્વીકારવા તૈયાર થશે કે નહીં; એટલું તો વીચારવું પડે ને? શરીરસમ્બન્ધ વગરની નીર્દોષ મૈત્રી સામે આપણને ક્યા વાંધો છે ? પુખ્ત વયે, પોતાની ઈચ્છાથી રચાતા શરીરસમ્બન્ધ પ્રત્યે વાંધો ઉઠાવવાનો આ લખનારને કે કોઈને પણ અધીકાર નથી. આ લેખમાળાનો એક માત્ર હેતુ સગીર વયે શરીરસમ્બન્ધ બાંધી બોયફ્રેન્ડ દ્વારા છેતરાતી દીકરીઓને બચાવવાનો છે. ત્રણેક મહીના પર નવમા ધોરણમાં ભણતી એક ખુબસુરત વીદ્યાર્થીનીને એક હટ્ટોકટ્ટો છોકરો ઢોર માર મારી રહ્યો હતો. છોકરીના હોઠ અને નાકમાંથી લોહી ટપકતું હતું. છોકરો મારતો જાય અને દારુડીયાની જેમ એક જ વાક્ય બોલતો જાય : 'તેં એની સાથે વાત કરી જ કેમ ? મેં તને કેટલી વાર કહ્યું કે, તું માત્ર મારી છે. તારે એ છોકરા સાથે શો સમ્બન્ધ છે ?' છોકરી રડતી જાય અને પોતાનો બચાવ કરતી જાય. બાજુમાં એની

સાહેલી લાચાર નજરે આ દૃશ્ય જોતી અને ધ્રુજતી હતી. મેં વેચાતી વહોરીને એ લંપટ, બદમાશ છોકરાને પડકાર્યો અને ધમકાવ્યો. ફોન કરીને પોલીસને બોલાવવાની ચેષ્ટા કરી એટલે એ શેતાન ભાગી ગયો. મેં છોકરીને કહ્યું; 'બેટા, આવા લંપટ વરુઓની જાળમાં શા માટે ફસાય છે ?' 'સાહેબ,' છોકરીનો જવાબ સાંભળો : 'એ તો મારો ભાઈ છે !' બોયફ્રેન્ડ જાહેર રસ્તા પર માલીકીભાવ દાખવીને એક મુગ્ધાને ઢોર માર મારે અને છોકરી એ બોયફ્રેન્ડને પોતાના ભાઈમાં ખપાવે ! આપણે સગીર વયના ટીન–એજ દીકરા–દીકરીઓને નીર્દોષ મૈત્રીસમ્બન્ધ કેવો હોય તે સમજાવતા નથી, બોયફ્રેન્ડને આપણા શરીરથી બે ફુટ દુર રાખવા માટેના સંસ્કાર આપતા નથી અને તેમને સ્વછંદપણે શરીરસમ્બન્ધ બાંધવા પ્રોત્સાહીત કરીએ છીએ તે અત્યંત દુ:ખ અને આઘાતની વાત નથી શું ? બોયફ્રેન્ડ સાથે આપણી ચર્ચાના વીષયો કયા હોય છે ? મૈત્રીસમ્બન્ધ રચવા પાછળ આપણા ઈરાદાઓ કયા હોય છે? છોકરી અને બોયફ્રેન્ડ વચ્ચે જે રંધાય છે તે માતાપીતાથી છુપાવવાની જરુર કેમ પડે છે ? ચૌદ વર્ષની એક ધનપતીની દીકરી વૉશ રુમમાં સ્નાન કરવા ગઈ ત્યારે પોતાનો સ્માર્ટ–ફોન બહાર ભુલી ગઈ. અચાનક ફોનની રીંગ વાગી એટલે બીજી જ ક્ષણે છોકરી શરીર પર ટુવાલ વીંટાળી ફોન સુધી પહોંચવા બહાર ધસી આવી. પીતા સમજદાર હતા. મોડી રાત્રે દીકરીના રુમમાં જઈને એમણે ફોન ચેક કર્યો તો એમને તીવ્ર આઘાત લાગ્યો. બોયફ્રેન્ડે ચૌદ વર્ષની છોકરીને મેસેજ મોકલ્યો હતો; 'આવતા

અઠવાડીયે મારી ‘બર્થ–ડે’ છે. આ વખતે કોઈ સ્થુળ ભેટ–સોગાદથી હું ખુશ થવાનો નથી. મારે તારું સૌન્દર્ય, તારું શરીર ભેટમાં જોઈએ છે. ક્યાં મળવું તેની વ્યવસ્થા મેં ગોઠવી દીધી છે. મારો ફ્રેન્ડ પણ મારી સાથે હશે, એને સંતોષવા પણ તૈયાર રહેજે.’ પીતાને વધારે આઘાત તો દીકરીનો જવાબ વાંચીને લાગ્યો; ‘હું એ દીવસની કલ્પના માત્રથી રોમાંચ અનુભવું છુ. તારી ‘બર્થ–ડે’નો મને ઈન્તેઝાર રહેશે.’

પ્રશ્ન સંસ્કારનો છે, પ્રશ્ન વીચારધારાનો છે, પ્રશ્ન મુગ્ધાવસ્થામાં કઈ હદે જોખમ વહોરવું તે અંગેનો છે. આ પ્રકારના શરીરસમ્બન્ધો લગ્નમાં પરીણમવાનો તો પ્રશ્ન જ નથી. છોકરી અને છોકરાઓ બરાબર જાણે છે કે આજનો લહાવો લુંટી લેવાનો છે... કાલની વાતો કાલે. આ પ્રકારના સમ્બન્ધોમાં દુર્ઘટના ક્યારે સર્જાય છે ? છોકરીને ભોગવી લીધી, એનું શરીર વાસી થઈ ગયું... હવે શેતાન છોકરાઓ બીજા શીકારની શોધમાં નીકળી પડે છે. પેલી છોકરી આ આઘાત સહન કરી શકતી નથી.

પ્રીય વાચકો, ધ્યાનપુર્વક નોંધજો, બેમાંથી કોઈ એકનો પ્રેમ સાચો છે અને બીજા માટે તો આ શરીરને ચુંથવાની એક રમત માત્ર છે. છોકરો કે છોકરી પોતાનો બદઈરાદો પુરો થઈ જાય એટલે બીજા, ત્રીજા કે ચોથા શીકારની શોધમાં ઉડી જાય છે અને પ્રેમને ગંભીરતાથી લેનારા માટે તીવ્ર ડીપ્રેશન કે આત્મહત્યાનો વીકલ્પ છોડતા જાય છે. જે છોકરાએ લગ્નનું વચન આપી સગીર વયની

છોકરીને વારંવાર ભોગવીને છોડી દીધી એ છોકરી પોતાના બોયફ્રેન્ડને અન્ય છોકરીઓ સાથે રંગરેલીયા મનાવતો જુએ તો એને આત્મહત્યા સીવાય બીજા કયા વીચાર આવી શકે ?

થોડે થોડે દીવસે છોકરીઓની આત્મહત્યાના સમાચારો અખબારમાં પ્રસીદ્ધ થતા રહે છે એ શું સુચવે છે ? લગ્નનું વચન આપીને, શરીર સમ્બન્ધ બાંધીને છોકરીને તરછોડવાના અસંખ્ય કીસ્સાઓ બનતા રહે છે. બુનીયાદી પ્રશ્ન એ ઉદ્ભવે છે કે લગ્નનું વચન આપનારને લગ્ન પુર્વે શરીર સોંપવું એ મુર્ખાઈની પરાકાષ્ઠા નથી? માતા–પીતા આ પ્રકારની ભુલોનું પરીણામ પોતાની દીકરીઓને કેમ સમજાવતા નથી ? મૈત્રીસમ્બન્ધના રુપાળા નામ હેઠળ છોકરીઓનું શારીરીક શોષણ કરવાનો જે અગનખેલ ચાલે છે તે અટકવો જોઈએ. આ અગનખેલ અટકાવવાની જવાબદારી પરીવારના વડીલોની છે અને શૈક્ષણીક સંસ્થાઓની છે.

છોકરા–છોકરીઓને પ્રેમનો (શરીરસમ્બન્ધનો) આનન્દ માણવા દેવો જોઈએ એવું કોઈ કહે છે, ત્યારે આશ્ચર્ય અને આઘાતની લાગણી જન્મે છે. એક પીતાએ દુ:ખી હૃદયે કહ્યું : ‘અમારી સોળ વર્ષની દીકરી અમારા કહ્યામાં નથી. એના સૌન્દર્યનો અને માસુમીયતનો ગેરલાભ લંપટ છોકરાઓ ઉઠાવી રહ્યા છે. ચારીત્ર્ય સાચવવાની અમારી સલાહને એ તીવ્ર મજાક સાથે નકારી કાઢે છે. પોતાનો બોયફ્રેન્ડ કોઈ બીજી, ત્રીજી કે ચોથી

છોકરી સાથે રખડવા, ભટકવા માંડ્યો અને ‘મારી ઉપેક્ષા થઈ રહી છે’ એ કારમી વેદના સાથે દીકરી વારંવાર ડીપ્રેશનનો શીકાર બની છે. તમે લેખમાળા શરુ કરી તે ખુબ સારું થયું. થોડીક છોકરીઓની જીન્દગી બચાવી શકાશે...’

સંસ્કાર બીન્દુ

સોય જેવી વાતને તલવાર જેવી જે કરે,
વાત એની સાંભળી, મન આપણે શું બાળવું !

–સુનીલ શાહ



અનુક્રમણીકા

05

માતા-પીતાની યાતનાઓનો વીચાર કરીએ

‘તમામ નીતીશાસ્ત્રો એક સદ્ વીચાર સર્વત્ર પ્રસરાવતા રહ્યા છે. આપણા મનમન્દીરમાં વીવેકનો દીપ

પ્રગટેલો રહેવો જોઈએ. એ દીપકનો પ્રકાશ શું સારું છે અને શું ખરાબ છે તે નક્કી કરવામાં મદદરુપ બને છે. એક અંગ્રેજી કહેવત હૃદય પર કોતરાયેલી રાખજો : જો ધન ગુમાવ્યું તો કંઈ નથી ગુમાવ્યું, જો સ્વાસ્થ્ય ગુમાવ્યું તો કંઈક ગુમાવ્યું, પરન્તુ જો ચારીત્ર્ય ગુમાવ્યું તો... બધું જ ગુમાવી દીધું !

પુખ્તવયે પ્રાપ્ત થયેલા બોયફ્રેન્ડ સાથે કઈ રીતે વર્તવું તે અંગે થોડી વાતો કરી લઈએ.'



'આપણા મનમન્દીરમાં વીવેકનો દીપ પ્રગટાવેલો રાખીએ' એવો આગ્રહ 'હૈયાનો હોંકારો' નામની નાનકડી પુસ્તીકામાં આચાર્યશ્રી પ્રદ્યુમ્નસુરીજી દ્વારા રજુ થયો છે. બોયફ્રેન્ડ હોવો જોઈએ કે નહીં ? એ પ્રશ્ન મહત્વનો નથી. 'ચાર, પાંચ કે પન્દર બોયફ્રેન્ડ ધરાવનારી છોકરી ચારીત્ર્ય વગરની ગણાય ?' એવી મતલબનો પ્રશ્ન દીહેણ હાઈસ્કુલની એક દીકરીએ પુછયો છે. આપણો જવાબ સ્પષ્ટ 'ના' છે. એક કે વધુ છોકરાઓ સાથે સગીર વયે શરીર સમ્બન્ધ બાંધનારી છોકરી ક્રમશ: પોતાનું ચારીત્ર્ય ગુમાવે છે. જાહેર માર્ગ પર બોયફ્રેન્ડના હાથે માર ખાઈ રહેલી ચૌદ પન્દર વર્ષની છોકરી 'એ તો મારો ભાઈ છે' એવું જુઠાણું હાંકે ત્યારે ચારીત્ર્ય ગુમાવવાનો પ્રારંભ કરે છે. પોતાની સાહેલી સાથે બોયફ્રેન્ડને મળવા અને તેની સાથે શરીર સમ્બન્ધ બાંધવા બોયફ્રેન્ડને બંગલે જતી 'ટીન–એજ' છોકરી ઘરેથી નીકળતી

વખતે મમ્મીને કહે છે, 'હવે પરીક્ષા નજીક આવી છે. અમે નર્મદ લાયબ્રેરીમાં વાંચવા માટે જઈએ છીએ... રાત્રે ઘરે પહોંચવામાં મોડું થશે' ત્યારે બીચારું 'ચારીત્ર્ય' છેલ્લા શ્વાસ ગણતું હોય છે.

સગીર વયે બોયફ્રેન્ડની જરુર નથી, પુખ્ત વયે બોયફ્રેન્ડ બનાવવામાં બાધ નથી. પરન્તુ બોયફ્રેન્ડ સાથેનો સમ્બન્ધ શરીર સમ્બન્ધમાં ન ફેરવાય તે માટેનો દૃઢ સંકલ્પ હોવો જોઈએ. સગીર વયે બોયફ્રેન્ડની અનૈતીક માંગણીને, શરીરને ભોગવવાની શેતાની ઈચ્છાને દૃઢતા પુર્વક ઈન્કારવાની તૈયારી હોય તો ભલે ને કોઈ પણ ઉમ્મરે બોયફ્રેન્ડ જીવનમાં પ્રવેશે... જેવી ગર્લફ્રેન્ડ છે તેવો બોયફ્રેન્ડ છે... વીવેક પુર્વક તેની સાથેના સમ્બન્ધમાં મર્યાદા જાળવવાની રહે. કોઈ એક છોકરો દુષ્ટ ઈરાદા સાથે આપણને ફસાવવા માંગે છે તેની જાણ શી રીતે થાય ?

1. કારણ વગર તે આપણી આજુબાજુ આંટા–ફેરા મારવાનું શરુ કરશે.

2. કોઈને કોઈ બહાને તે આપણી નજીક આવવાની કોશીશ કરશે. વાતો કરવા માટે અને સ્મીતની આપ–લે કરવા માટે બહાનાં શોધશે.

3. આપણને મદદરુપ બનવા તત્પરતા બતાવશે. બસ સ્ટેન્ડ પર બસની રાહ જોતા ઉભા હોઈએ ત્યાં વૈભવી કાર (ડેડીઝ ગીફ્ટ... બેટા, તું હવે સોળ વર્ષનો થયો... જા, કારમાં

બેસીને કોઈની ભલી–ભોળી દીકરીના શીકારની શોધમાં ભટકવા માંડ !) આવીને આપણી પાસે ઉભી રહેશે; 'બેસી જાઓ, હું આપને ઘર પાસે ઉતારી દઈશ.' બોયફ્રેન્ડ 'આપ' પરથી 'તમે' અને 'તમે' પરથી 'તું' પર ક્યારે સરકી ગયો, ખબર પણ નહીં પડે.

4. આપણને ફસાવવા માટે આપણી ખોટી પ્રસંશા કરશે, ખુશામદ પર ઉતરી આવશે. આપણને રીઝવવા અન્ય છોકરીઓની નીન્દા ટીકા, ઠઠ્ઠા મશ્કરી કરશે.

5. આપણને ભેટ સોગાદ આપવા પ્રસંગો ઉભા કરતો રહેશે. એક છોકરીના પીતાજીએ 'કાઉન્સેલીંગ' દરમીયાન અમને જણાવ્યું હતું, મારી ચૌદ વર્ષની દીકરીને એ બદમાશે પહેલી ભેટમાં ત્રીસ હજાર રુપીયાનો મોબાઈલ ફોન આપ્યો હતો. 'મારી ફ્રેન્ડે મને બર્થ–ડે ગીફ્ટ આપી છે.' એવું દીકરીએ કહ્યું અને અમે માની લીધું !' ડ્રેસનું કાપડ, થીયેટરમાં ફીલ્મ જોવા જવા માટે ટીકીટ, મોંઘીદાટ હોટલમાં ભોજનનું બીલ ચુકવવું આ બધું તો સામાન્ય છે. એક ધનીકપુત્રએ પોતાની સાથે દસમાં ધોરણમાં અભ્યાસ કરતી મધ્યમવર્ગની દીકરીને સાઠ હજારનું બાઈક ભેટમાં આપ્યું. બાઈક કેમ ચલાવવું તે શીખવવાની ટ્રેનીંગ દરમીયાન છોકરીનું શરીર મેળવી લીધું. પીતાજીના સાઠ હજાર રુપીયા ખર્ચવાથી પોતાને અને મીત્રને સોળ વર્ષની ખુબસુરત છોકરીનું શરીર

મળતું હોય તો સોદો મફતમાં થઈ ગયો ગણાય એવું એણે પોતાના ઘણા મીત્રોને કહ્યું. છેવટે છોકરીએ આત્મહત્યા કરીને છુંટવું પડ્યું.

નીર્દોષ ભાવે 'બોયફ્રેન્ડ ગર્લફ્રેન્ડ'ની રમતમાં જોડાયેલી છોકરીને બીજી ત્રીજી મુલાકાતમાં જ સમજાઈ જાય કે આ લંપટ વરુને તો મારા શરીરની ભુખ છે અને થોડી થોડી વારે એ મને સ્પર્શવા અને આલીંગનમાં લેવા હવાતીયાં મારે છે ત્યાર પછી તરત છોકરીએ બોયફ્રેન્ડને ક્રુરતાપુર્વક હાંકી કાઢયો હોય એવા અનેક કીસ્સા કાઉન્સેલીંગ દરમીયાન ધ્યાન પર આવ્યા છે. મનમન્દીરમાં વીવેકનો દીપ પ્રગટાવવાની જે વાત છે તે આ જ છે. બોયફ્રેન્ડના દીલમાં, એની આંખોમાં વાસનાનું ઝેર ન હોય ત્યાં સુધી એ સ્વીકાર્ય બને. લગ્ન પુર્વે, ટીન–એજમાં એ આપણું શરીર માંગીને ઉભો રહે તો એ બદમાશને 'સોરી' કહીને નમ્રતાપુર્વક વીદાય કરવો પડે. એ શાંતીથી ન સમજે, દાદાગીરી કે બ્લેકમેલીંગ પર ઉતરી આવે તો એને ચૌદમું રતન બતાવીને સીધો કરી શકાય. આવા સંજોગોમાં માતાપીતા, આચાર્ય કે પોલીસ ઓફીસરની મદદ લેવામાં ક્ષણનો પણ વીલંબ ન થવો જોઈએ.

કોઈ પણ છોકરાને બોયફ્રેન્ડ બનાવતી વખતે એ કેટલો સંસ્કારી છે, કેવા વીચારો ધરાવે છે. એનું મીત્રમંડળ કેવું છે. એનું ફેમીલી બેકગ્રાઉન્ડ કયા પ્રકારનું છે તે ખાસ તપાસી લેવું. પોતાનું

ધારેલું ન થાય ત્યારે બદમાશ બોયફ્રેન્ડ કઈ હદે ખલનાયક બની શકે તે કલ્પવાનું મુશ્કેલ છે. સત્તર વર્ષની છોકરીને વારંવાર ભોગવ્યા પછી જ્યારે વીસમાં વર્ષે એ કન્યા લગ્નના હેતુથી છોકરાઓ જોવા માંડી ત્યારે એના બોયફ્રેન્ડે જાસા ચીઠ્ઠી મોકલાવી હતી; લગ્ન ગમે ત્યાં કર, મને કોઈ ફરક નથી પડતો. પરન્તુ તારા પતી તરીકેના તમામ અધીકાર હું ઈચ્છું ત્યારે તારાં ઘરમાં આવીને ભોગવીશ. આપણા પ્રેમની વાતોનું રેકોર્ડીંગ, આપણે હોટલમાં સહશયન કર્યું તેના ફોટોગ્રાફ, સુન્દર હસ્તાક્ષરોમાં લાલ, લીલા, વાદળી રંગોમાં લખાયેલા તારા પ્રેમપત્રો... બધું મારી પાસે સુરક્ષીત છે. સ્માર્ટ બનવાની કોશીશ કરશે તો જીવતી નહીં છોડું !! આધુનીક યુગમાં લંપટ છોકરાઓની હલકટ હરકતોનો ભોગ બનેલી મુગ્ધાઓની કરમકથાઓ કંપાવી મુકે એવી છે....

સંસ્કાર બીન્દુ

યુવાનીનો સમ્બન્ધ વય સાથે નથી, મનોવૃત્તી સાથે છે, પડકારોને ઝીલવા માટેની તત્પરતા સાથે છે. તમે વીસ વર્ષના વૃદ્ધને કે એંસી વર્ષના યુવાનને તમારી આજુબાજુ જોઈ શકશો. જેની અનીષ્ટ તત્વોને, અન્યાય કરનાર દુષ્ટોને શોષણખોરોને સહન કરવાની ક્ષમતા ઓછામાં ઓછી છે તે યુવાન છે, જે થાક્યા કે કંટાળ્યા વગર અઢારથી વીસ કલાક કામ કરી શકે છે તે

યુવાન છે, જે ઉંચા લક્ષ્યો બાંધીને હાથે કરીને પોતાની સામે પડકારો ઉભા કરે છે તે યુવાન છે.

… ડૉ. શશીકાંત શાહ



અનુક્રમણીકા

06

સંસ્કારોની તોતીંગ દીવાલ લગ્ન પુર્વેની સેક્સને અટકાવવા માટે પર્યાપ્ત છે

દીહેણ હાઈ સ્કુલની એક સ્માર્ટ છોકરીનો પ્રશ્ન છે : ‘બધી સલાહ, બધી તાલીમ માત્ર છોકરીઓ માટે ? છોકરાઓને કંઈ જ કહેવાનું નહીં ? એમને સખણા રહેવાની સલાહ આપો ને !’ આ લેખમાળા ટીન–એજ દીકરીઓને ઉદ્દેશીને લખાઈ છે એટલે છોકરાઓએ શું કરવું અને શું ન કરવું તેની ચર્ચા અસ્થાને છે. પેલી દીકરીઓને પણ આ સમજાવવામાં આવ્યું, આ કાર્યક્રમ ટીન–એજ દીકરીઓ માટેનો છે. આ સંસ્કારશીબીરમાં છોકરાઓને પ્રવેશ નથી. ત્યારે છોકરાઓને ઉદ્દેશીને કંઈ પણ કહેવાનું નીરર્થક છે. બેશક, છોકરાઓને પણ તાલીમ અને સંસ્કારની જરુર છે. અમે એ કાર્ય નીયમીત રીતે કરી રહ્યા છીએ.’



દીહેણ હાઈ સ્કુલની એક પ્રતીભાવન્ત છોકરીએ પ્રશ્ન પુછ્યો, 'બધી સલાહ, બધી તાલીમ માત્ર છોકરીઓ માટે ? છોકરાઓને સખણા રહેવાની સલાહ આપોને !' શાળામાં નવમા ધોરણમાં અભ્યાસ કરતી કન્યા આવો પ્રશ્ન પુછવાની સુઝ–સમજ દાખવે એ આનન્દની વાત ગણાય. એ શાળાના શીક્ષકોને હું ધન્યવાદ આપું છું. આ લેખમાળા અને પેલો તાલીમશીબીર ટીન–એજ દીકરીઓ માટેનો હોવાથી એમાં છોકરાઓને ઉદ્દેશીને કોઈ વાત કહેવામાં આવી નથી. છતાં પ્રશ્ન ઉભો કરાયો છે ત્યારે વાલીસભામાં હું વારંવાર જે વેદના ઠાલવું છું તેનો ઉલ્લેખ કરી લઉં. મારી આપ સૌને નમ્ર વીનન્તી છે કે ઘરમાં દીકરી અને દીકરા વચ્ચે નીયમો પાળવાની બાબતમાં કોઈ ભેદભાવ રાખશો નહીં. દીકરીએ સાંજે સાત સુધીમાં ઘરે આવી જવાનું; પરન્તુ દીકરો રાત્રે બાર વાગે આવે તો ચાલે. એવું શા માટે ? એક વાત યાદ રાખજો તમારી વહાલી દીકરી તો સાંજે સાત વાગે ઘરમાં આવીને બેસી ગઈ અને સલામત છે. પરન્તુ તમારો સત્તર વર્ષનો દીકરો રાત્રે બાર વાગે ઘરની બહાર ભટકતો હશે તો એની સાથે કોઈ માતાપીતાની સોળ સત્તર વર્ષની દીકરી પણ ઘરની બહાર રખડતી–ભટકતી હશે. આપણી દીકરીને સાંજ પડે એટલે ઘરમાં બેસાડી દેવાની અને કોઈની દીકરી આપણા દીકરા સાથે રાત્રે બાર–એક સુધી બહાર રખડે–ભટકે તેનો કોઈ વાંધો નહીં, આવું શા

માટે ? જીવન જીવવા અંગેનાં સઘળાં નીતી–નીયમો દીકરી અને દીકરા માટે એક સરખાં હોવાં જોઈએ.’

દીકરી જુઠું બોલે, માતાપીતાને છેતરે, નવા નવા છોકરાઓ સાથે સ્વછન્દતાથી રખડે–ભટકે ત્યારે સૌથી વધારે દુ:ખ માતાપીતાને થાય છે. જેની ઝુંપડી સળગે તેને દુ:ખ, દર્દ અને વેદના થાય, બીજાઓને તો મફતમાં તાપણું થયું ! પોતાની સોળસત્તર વર્ષની દીકરી લંપટ છોકરાઓની ભુખ સંતોષવા માટેનું સાધન બની ગઈ છે, એ કલ્પના માત્ર માતાપીતા માટે કેટલી ભયાનક છે, જરા વીચાર તો કરો ! છોકરી જ્યારે સંસ્કાર છોડીને ગુમરાહ થાય છે ત્યારે સમાજની આંગળી સૌ પ્રથમ માતાપીતા તરફ ઉંચકાય છે. દુષ્કર્મ આપણે આચરીએ અને ગાળ માતાપીતાએ ખાવાની ? સમાજ કહેશે, ‘દીકરીને શીસ્ત, સંયમ અને સંસ્કાર આપ્યા હોય તો ને ! રોજ નવા નવા છોકરાઓ સાથે ભટકે છે !’ એક છોકરી થર્ડ ઈયર બી.સી.એ. માં અભ્યાસ કરતી હતી. ચાળીસ વર્ષની ઉંમરના પરીણીત રીક્ષાવાળા સાથે ભાગી ગઈ. રીક્ષાવાળો છ ચોપડી ભણેલો હતો અને શાળાની વીદ્યાર્થીનીઓની છેડતી કરવા માટે જેલમાં જઈ આવ્યો હતો. રીક્ષા ચલાવવી એ કંઈ પાપ નથી કે ખોટું અથવા નીચું કામ નથી, પ્રત્યેક શ્રમનું કાર્ય પવીત્ર છે અને આદરને પાત્ર છે. પરન્તુ પ્રશ્ન માણસના ચારીત્ર્યનો છે. વળી, ઓગણીસ વર્ષની ઉંમરે પરીણીત, બે બાળકોના પીતા સાથે ભાગી જવામાં કયું પરાક્રમ છે ? કઈ

ગૌરવની વાત છે ? ‘મારાં આ કૃત્યથી માતાપીતાની હાલત કેવી થશે ?’ એ વીચાર આપણને કેમ ન આવે ?

ચારીત્ર્ય ગુમાવવાથી આપણું ભવીષ્ય અંધકારમય બને છે તે દર્શાવતો એક પ્રસંગ નોંધું છું, ફર્સ્ટ ક્લાસ ડીસ્ટીંકશન સાથે એમ. એસસી., બી. એડ. થયેલી એક યુવતી મારા ડીપાર્ટમેન્ટમાં અભ્યાસ કરતી હતી. વીદ્યાર્થીઓ સાથે રખડવા ભટકવાની શોખીન. એ જ્યારે ક્લાસમાં ગેરહાજર હોય ત્યારે નીશ્ચીત વીદ્યાર્થીઓ પણ ગેરહાજર હોય એવું વારંવાર મારા ધ્યાન પર આવેલું. ચોવીસ વર્ષની યુવતીને આપણે સલાહ તો આપી ન શકીએ. એમ. એડ્. પત્યા પછી ના એક વર્ષ બાદ મારા મીત્ર અને નીવૃત્ત આચાર્યનો ફોન આવ્યો.

‘અમે અમારા દીકરા માટે ગયા અઠવાડીયે એક છોકરી જોઈ. એમ. એસસી., એમ. એડ્. થયેલી છે, તમને ઓળખે છે. ‘શાહસર પાસે મેં શીક્ષણ મેળવ્યું છે.’ એવું કહેતી હતી. આપણા પ્રકાશ (નામ બદલ્યું છે) માટે આ છોકરી કેવી ? અમને સૌને પસન્દ પડી છે.’ મેં દુ:ખ સાથે મારી વીદ્યાર્થીની વીરુદ્ધ અભીપ્રાય જાહેર કર્યો; ‘પ્રકાશને અંધકાર તરફ ધકેલવાની જરુર નથી. છોકરી આપણા ઘરમાં શોભે એવી નથી.’

વહાલી દીકરીઓ, આપણા ચારીત્ર્ય પર આપણા ઉજ્જવળ ભવીષ્યનો આધાર છે. માતાપીતાનાં હૃદયને આઘાત લાગે એવું કોઈ કૃત્ય કરશો નહીં. પોતાને માટે પતી શોધવાની

ઉતાવળ કરશો નહીં. પુખ્તવયે બોયફ્રેન્ડ બનાવો; પરન્તુ લગ્ન પુર્વે આપણાં શરીરને ભોગવવાનો અધીકાર કોઈને પણ ન આપો. પરીવારમાંથી સંસ્કાર લઈને આવેલી છોકરીએ એના બોયફ્રેન્ડને, પોતાના શરીરને અડપલાં કરવાની છુટ ન આપી હોય એવા અનેક કીસ્સાઓ મારી જાણમાં છે. શ્રી. ઉમેશ ભટ્ટ સમાજશાસ્ત્રી અને લેખક છે. એમણે આ લેખમાળા અંગે પોતાનો પ્રતીભાવ આપતા જણાવ્યું, 'આપે ખુબ સમયોચીત લાલબત્તી ધરવાનું શરુ કર્યું છે. સાહેબ, મારું અનુમાન એવું છે કે ટીન–એજમાં લગ્નપુર્વે સેક્સ માણતી છોકરીઓની સંખ્યા પંદર ટકાથી પણ ઓછી હશે. બુરી સંગત છોકરીઓને ખોટી દીશામાં ધકેલે છે.' પોતાની દીકરીઓની સલામતી ઝંખતાં અનેક માતાપીતાઓએ આ લેખમાળાને આવકારી છે. સંસ્કારની અડીખમ દીવાલ દીકરીઓને લગ્નપુર્વેના શરીર સમ્બન્ધથી બચાવવા સક્ષમ છે. **કોઈ પણ ટીન–એજ દીકરી લંપટ છોકરાને શરીરનો ભોગવટો કરવાની છુટ આપે તે પુર્વે ત્રણ પ્રશ્નોના ઉત્તર મેળવી લેવાની જરુર છે.**

1. આ છોકરો પત્ની તરીકે મને સ્વીકારશે એની કોઈ ગૅરન્ટી છે ? પન્દરમાં વર્ષે મને ભોગવી લીધા પછી એ ભ્રમરવૃત્તી દાખવીને, બીજા વધુ સૌન્દર્યમય પુષ્પ તરફ ઉડી જાય તો મારે શું કરવાનું ?

2. મારી સાથેની મુલાકાત, મારા પ્રેમપત્રો, અમારી ફોન પર થતી વાતચીત, એ બધાની મદદથી એ ભવીષ્યમાં મને

‘બ્લેકમેલ’ કરે તો મારી શી હાલત થાય? પત્ની તરીકે બીજી વધુ સારી છોકરીને શોધવાની એને છુટ છે; પરન્તુ હું બીજો વધુ સારો છોકરો શોધવા જઈશ તો એ મને ધાકધમકી આપીને અટકાવે, આખી જીન્દગી મારું શોષણ કર્યા કરે એવું તો ન બને ?

3. જીન્દગીનો આટલો મહત્ત્વનો નીર્ણય લેતાં પુર્વે હું માતાપીતાની સલાહ ન લઉં, એમની સાથે ચર્ચા ન કરું, એમનાથી આ બધી વાતો છુપાવું તે યોગ્ય છે ખરું?

સંસ્કાર બીન્દુ

જેઓ પરીવારજીવનની ગુણવત્તા ટકાવવામાં શ્રદ્ધા ધરાવે છે એમણે થોડુંક થોભીને કુટુમ્બની જીવનશૈલી તપાસી લેવી જોઈએ. દીકરો, દીકરી, પતી કે પત્ની કઈ દીશામાં જઈ રહ્યાં છે તે વીચારી લેવું જોઈએ. આત્મઘાતક જીવનશૈલીના પરીણામો રોજેરોજ અખબારોમાં વાંચવા મળે છે. શાણો માણસ એ છે, જે બીજાના અનુભવોમાંથી શીખે છે. આપણા પ્રીય પરીવારજનો કોઈ દુર્ઘટનાનો શીકાર બને ત્યાં સુધી ઉંઘતા રહેવાનું યોગ્ય નથી. જરા જાગીને જુઓ તો ખરા કે તમારી આજુબાજુ શું બની રહ્યું છે !


…ડૉ. શશીકાંત શાહ

અનુક્રમણીકા

07

કોઈ પણ સંજોગોમાં આત્મહત્યા કરશો નહીં...

‘ટીન–એજમાં આપત્તીજનક સંજોગો ઉભા થાય ત્યારે છોકરીઓ ભયભીત બની જઈને આત્મહત્યા કરી લે છે. પ્રત્યેક સમસ્યા તેનો ઉકેલ લઈને આવે છે. કોઈ રાત્રી એવી નથી હોતી જેને પ્રભાત અને પ્રકાશની પ્રાપ્તી ન થવાની હોય. આપણે તકલીફમાં હોઈએ ત્યારે માતાપીતા, શીક્ષકો, સખી–સાહેલી કે કાઉન્સેલરની મદદ લઈ શકીએ છીએ. એકલાએકલા મુંઝવણ અનુભવવાની જરુર નથી. માતાપીતાને દીકરી પર અનહદ પ્રેમ હોય છે. તેઓ તમારી ગમે એટલી ગંભીર ભુલ હોય તો પણ તમને માફ કરી દેશે અને બચાવી લેશે. આપણે લંપટ છોકરાના છળકપટનો ભોગ બન્યા હોઈએ ત્યારે આપણે આત્મહત્યા શા માટે કરવાની ?



ભારત આત્મહત્યાઓની રાજધાની છે અને દર વર્ષે અંદાજે બે લાખ સાઠ હજાર માણસો અહીં આત્મહત્યા કરે છે. વીશ્વ આરોગ્ય સંસ્થા (W.H.O.)ના અહેવાલ અનુસાર 2012માં વીશ્વના આઠ લાખ માણસોએ આત્મહત્યા કરી હતી. છેલ્લા આંકડાઓ દર્શાવે છે કે ભારતમાં 15 થી 29 વર્ષની વય જુથમાં દર એક લાખે

35.5 યુવાન યુવતીઓ આત્મહત્યા કરે છે. આપણને જન્મદીને ફ્રેન્ડ તરફથી ગીફ્ટ મળે અને એ ગીફ્ટ રૅપર ખોલ્યા વગર આપણે કચરાપેટીમાં ફેંકી દીધી હોય એવું કદી બન્યું છે ? તો પછી, ભગવાને આપણને જીન્દગીરુપી કીંમતી ભેટ આપેલી છે. પન્દર સોળ વર્ષની ઉમ્મરે આત્મહત્યા કરવાનો અર્થ એ થયો કે ઈશ્વરે આપેલી કીંમતી ભેટને આપણે રૅપર ખોલ્યા વગર કચરાપેટીમાં ફેંકી દીધી ! હજુ આપણે જીન્દગીને જોઈ નથી, માણી નથી અને આત્મહત્યાનો માર્ગ પકડી લેવાનો ? તેર–ચૌદ વર્ષની ઉમ્મરથી માંડીને વીસ વર્ષની વય સુધીમાં જો કોઈ આત્મહત્યા કરે તો એ માટેનાં કારણો આ પ્રમાણેના હોઈ શકે :

(1) બોયફ્રેન્ડ દ્વારા બ્લેકમેલીંગ થતું હોય અને શારીરીક શોષણનો ભોગ બનવું પડતું હોય, આપણા પ્રેમ(?)ના પુરાવાઓ સમાજમાં ફરતા કરી દેવાની ધમકીઓ મળતી હોય.

(2) ટીન–એજમાં બોયફ્રેન્ડ સાથેના શરીર સમ્બન્ધને કારણે ‘કુંવારી માતા’ બનવાના સંજોગો ઉભા થાય અને છોકરો પત્ની તરીકે સ્વીકારવાનો ઈન્કાર કરે.

(3) બોયફ્રેન્ડ શરીરને ભોગવ્યા પછી બેવફાઈ કરીને સમ્બન્ધ તોડી નાંખે અને બીજી, ત્રીજી છોકરીઓ સાથે સમ્બન્ધ

બાંધી બેસે ત્યારે ભયંકર આઘાત લાગે જે છેવટે આત્મહત્યામાં પરીણામે.

(4) કફોડી સ્થીતીમાં મુકાયા પછી એવા વીચારો આવે છે કે હવે માતાપીતાને કઈ રીતે મોં બતાવવું, સમાજમાં કેટલી બધી પ્રતીષ્ઠા જશે ! લોકો વાતો કરશે, નીન્દા ટીકા કરશે અને પરીવારજનોને નીચું જોવાના દીવસો આવશે. આ બધા સંજોગોમાં આત્મહત્યા જ એક માત્ર ઉપાય છે. દેખવું નહીં અને દાઝવુંયે નહીં !

(5) અસાધ્ય રોગ હોય, માતા–પીતા મૃત્યુ પામ્યાં હોય અને પરીવારજનો ભયંકર માનસીક ત્રાસ આપતા હોય, પરીક્ષામાં નાપાસ થવાનો ડર હોય, નીકટના સ્વજન શારીરીક શોષણ કરતા હોય એવા સંજોગોમાં પણ આત્મહત્યાનો વીકલ્પ પસન્દ કરવાની લાલચ જાગે છે. આપણે ગમે તેટલી મોટી મુશ્કેલીમાં આવી પડ્યા હોઈએ તો પણ; આપણાં માતા–પીતાને ખાતર કદી આત્મહત્યાનો વીચાર ન કરશો. સૌથી ઉત્તમ વાત તો એ છે કે ભવીષ્યમાં આત્મહત્યા કરવી પડે એવું કોઈ કામ આપણે ન કરીએ. ખરાબ, વ્યસની અને ચારીત્ર્યહીન મીત્રોથી દુર રહીએ. મીત્રોના અનૈતીક દાબદબાણને કદી વશ ન થઈએ. બોયફ્રેન્ડ કહેશે : ‘તું મને ખરેખર પ્રેમ કરતી હોય તો બસ એક વાર, માત્ર એક વાર શરીર

સમ્બન્ધનો આનન્દ મેળવવા દે...' આ એક પ્રકારનું ઈમોશનલ બ્લેકમેલીંગ છે. જો તમે આવી માગણીને વશ થશો તો એક દીવસ જરુર આત્મહત્યા સુધી જરુર પહોંચી જશો. બોયફ્રેન્ડને સ્પષ્ટ શબ્દોમાં કહીદો : 'હું સંસ્કારી પરીવારની દીકરી છું, મારું શરીર કોઈ લંપટ છોકરાની વાસના સંતોષવા માટે નથી. તારે સમ્બન્ધ રાખવો હોય તો રાખ, નહીં તો ચાલવા માંડ !' આ બધી કાળજી લીધા પછી કોઈ નબળાઈની ક્ષણોમાં, ઘડી–બે ઘડીનું શરીર સુખ પામવા ખોટું પગલું ભરાઈ જાય અને તેનું પરીણામ ભોગવવાની નોબત આવે તો પણ કદી આત્મહત્યાનો વીચાર ન કરવો. વહાલી દીકરીઓ, આપણે આત્મહત્યા કરવાથી સમસ્યાઓથી મુક્ત થઈ જઈએ છીએ તે વાત સાચી; પરન્તુ તમારી આત્મહત્યાથી ઉભાં થતાં આ પ્રકારનાં પરીણામોનો વીચાર કર્યો છે ?

(6) દીકરીને ગુમાવવાથી માતા–પીતા તથા વહાલી દીદીને ગુમાવવાથી રક્ષાબંધને રાખડી બંધાવતો ભાઈ કેટલો દુઃખી થશે તે વીચાર્યું ? એમને તો કોઈ પણ પ્રકારના વાંકગુના વગર જ આજીવન દુઃખની સજા ફટકારાઈ ગઈ ને ?

(7) તમારી વીદાયથી લંપટ બોયફ્રેન્ડ મુક્તીનો આનન્દ માણશે અને નીરાન્તે બીજી, ત્રીજી, ચોથી છોકરીને

આત્મહત્યા તરફ દોરી જવાનો કારસો રચશે. ખરેખર તો, આત્મહત્યા કરવાને બદલે પેલા હવસખોર શેતાનને જેલના સળીયા પાછળ ધકેલવા માટેની હીમ્મત તમારે કેળવવી જોઈએ.

(8) તમારી આત્મહત્યાથી પરીવારની પ્રતીષ્ઠા જોખમાશે અને લોકોને નક્કામી વાતો ચગાવવાની તક મળશે. આત્મહત્યા કરવાને બદલે હીમ્મતપુર્વક જીવન જીવવા માટે પોતાને તૈયાર કરો.

(9) આત્મહત્યા કરવી એ એક રીતે પોતાની ભુલ કબુલ કરવા જેવું છે. 'મેં ખુબ ગંભીર ભુલ કરી છે અને તેની સજા સ્વરુપે હું આત્મહત્યા કરીને મારી જીન્દગીનો અન્ત લાવું છું' એવો એકરાર કરવાનું યોગ્ય છે ? કોઈએ તમારી સાથે દગો કર્યો, વીશ્વાસઘાત કર્યો, તમારી માસુમીયતનો અને અપરીપક્વતાનો ગેરલાભ ઉઠાવ્યો. તો એવું કરનારને કોઈ સજા નહીં ? જેમને સજા થવી જોઈએ એ ગુનેગાર તમારી પાછળ મોજમજા કરશે, બીજી છોકરીઓની જીન્દગી બરબાદ કરશે અને તમને સીધો મૃત્યુદંડ ? પોતાની જાત પર આવો જુલ્મ શા માટે ?

(10) જીન્દગી અને આ વીશ્વ અત્યન્ત ખુબસુરત છે. તમારું વીશાળ સખીમંડળ છે. અનેક સ્વજનો છે. તમારા પ્રત્યે અનહદ પ્રેમ અને આદર ધરાવતા ગુરુજનો છે. એ સૌને

છોડીને ચાલ્યા જવાનું ? અચાનક, ચુપચાપ ચાલ્યા જવાનું ? તમારી મુંઝવણ અંગે એમને વાત કરો. તેઓ તમને જરુર બચાવી લેશે. એમને એક તક આપો.

આ ગ્રીષ્મશીબીર પુરો થવાની તૈયારીમાં છે. આવતા સપ્તાહે આપણે છુટા પડીએ તે પુર્વે તમારે અમને ‘ગુરુદક્ષીણા’ આપવાની રહેશે. શું આપશો ‘ગુરુદક્ષીણા’માં? તમે નીચેના ત્રણ સંકલ્પો સ્વીકારીને અહીંથી મંગલપ્રસ્થાન કરો એ જ અમારી ગુરુદક્ષીણા !

[1] સગીર વયે શક્ય હોય ત્યાં સુધી બોયફ્રેન્ડ બનાવવાની પળોજણથી બચીશ.

[2] પુખ્ત વયે બોયફ્રેન્ડ બનાવીશ તોયે મારા શરીરને ભોગવવાની છુટ હું તેને કદી નહીં આપું.

[3] જીન્દગીમાં કદી જાણ્યે–અજાણ્યે ગંભીર ભુલ થઈ જાય તો પણ; હું કદી આત્મહત્યા કરીશ નહીં. આત્મહત્યા કરવી એ પાપ છે અને ઈશ્વરનો તથા માતાપીતાનો દ્રોહ છે એ વાત હું બરાબર સમજું છું.

સંસ્કાર બીન્દુ

જે વ્યથાને અડકે નહીં,

એ કલા અધુરી છે;

જે કલમથી ટપકે નહીં,

એ વ્યથા અધુરી છે.

(સૌજન્ય : ‘અમીઝરણાં’)



અનુક્રમણીકા

08

ટીન-એજ દીકરીને ખુલ્લો પત્ર

વહાલી દીકરી.....

ગઈકાલે તારાં માતા–પીતા મને મળવા આવ્યાં ત્યારે ખુબ દુ:ખી હતાં અને રડતાં હતાં. 'અમારી સોળ વર્ષની દીકરી છુટાછેડા લીધેલા આડત્રીસ વર્ષના યુવાન સાથે લગ્ન કરવા ઈચ્છે છે' એટલું બોલતા તેઓ થાકી ગયાં, હાંફી ગયાં. તું અત્યારે અગીયારમાં ધોરણમાં ભણે છે. તારી પસન્દગીનો પતી સાઈકલ, સ્કુટરમાં હવા ભરી આપવાનું કામ કરે છે ! તે બે સન્તાનનો પીતા છે અને તેણે પત્નીને ઘરમાંથી હાંકી કાઢી છે. છુટાછેડા આપ્યા હોવાની વાત તદ્દન ખોટી છે અને તને છેતરવા માટેની છે. પત્નીને ખરાં–ખોટાં કારણો આગળ ધરી હાંકી કાઢનાર વીરપુરુષો ત્યાર પછી ખુબસુરત છોકરી કે યુવતીને જોઈને દોડતા રહે છે. એવા એક પશુની અડફેટમાં તું આવી ગઈ છે અને હવે તારું બચવાનું મુશ્કેલ છે. આ આડત્રીસ વર્ષના લંપટ પુરુષે તારા જેવી ચાર માસુમ છોકરીને લગ્નનો વાયદો આપીને પોતાની વાસનાનો શીકાર બનાવી હતી જે અંગે પોલીસ ફરીયાદ પણ નોંધાયેલી છે.

જો પપ્પા–મમ્મી તને પસન્દગીના પુરુષ સાથે લગ્ન કરવાની છુટ ન આપે તો તેં આત્મહત્યા કરવાની ધમકી આપી છે. તારા પપ્પા તારું અંધકારમય ભવીષ્ય જોઈને એટલા દુ:ખી હતા

કે એમનાથી બોલાઈ ગયું; 'મારી દીકરી નર્કાગારમાં સડે તેના કરતાં આત્મહત્યા કરી લે તે વધારે સારું છે.' તારા પપ્પા મારા પરમ મીત્ર છે. આઠ મહીના પર એમણે તને મોબાઈલ ફોન અપાવ્યો ત્યારે મેં તીવ્ર નારાજગી જાહેર કરેલી. ત્યાર પછી તો તારી જીદ આગળ ઝુકી જઈને એમણે તને દ્વીચક્રી વાહન–સ્કુટી પણ અપાવી દીધું. નાદાન, અબુધ બાળકોને આ બે ઉપકરણો આપી દેવામાં આવે અને એમને તેના વીવેકપુર્ણ ઉપયોગની તાલીમ આપવામાં ન આવે તો એમના સર્વનાશની દીશા નીશ્ચીત થઈ જાય. તારા કીસ્સામાં પણ એવું જ બન્યું છે.

તું ખુબ દેખાવડી છે એટલે તારી સામે ઘણાં જોખમો છે એવું મેં તને કહેલું અને તારાં પપ્પા–મમ્મીને પણ ચેતવણીના સુરમાં આ વાત કરેલી. પરન્તુ છેવટે જે થવાનું હતું તે જ થયું. સૌન્દર્ય, સ્કુટી અને મોબાઈલ ફોનનો ત્રીવેણી સંગમ તને સર્વનાશની દીશામાં દોરી ગયો. દીકરી, મેં એ લંપટ પુરુષનો કેસ સ્ટડી કરી લીધો છે. તે દારુડીયો છે, બદમીજાજ છે, હીંસક મારામારીઓમાં સંડોવાયેલો છે. અપરાધી માનસ ધરાવતા એ પ્રૌઢ યુવાને તારા પીતાને પણ ધમકી મોકલાવી છે. તારા પીતાજીએ મને ચાર માસ પુર્વે માહીતી આપેલી કે તેં તારો ચહેરો બુકાનીથી ઢાંકવાનું શરુ કર્યું છે. માત્ર બે આંખો જ ખુલ્લી રહે એ રીતે કુશળતાપુર્વક બુકાની બાંધતા તું ક્યાંથી શીખી ? પીતાજી સાથે ઝઘડો થયો ત્યારે તેં આજુબાજુના પાડોશીઓ સાંભળે તે રીતે

ગુસ્સાથી તારા પીતાજીને કહ્યું હતું, ‘હું મારો ચહેરો છુપાવવા બુકાની બાંધુ છું અને રોજ મારા ‘યાર’ને મળવા જાઉં છું. બોલો, તમે શું કરી લેવાના ?’ બેટા, ‘એક લાચાર બાપ તને શું કરી શકે ?’ તારા પીતાનો આ જવાબ હતો. એમણે તને ઉછેરીને મોટી કરી, પૈસા ખર્ચીને ભણાવી, એમના તારા પર અગણીત ઉપકારો છે અને તું એમને ઉંચા અવાજે ધમકાવે ? ક્યાં ગયા તારા સંસ્કાર ? ક્યાં ગઈ તારી માનવતા ? એક વાર તેં તારી મમ્મીને મારવા માટે હાથ ઉંચો કરીને પુછેલું, ‘મારી મંજુરી વગર તું મારા રુમમાં પ્રવેશી જ શા માટે ?’ બીજી એક વખત તારા મોબાઈલ ફોનની રીન્ગ વાગી અને તું ટોઈલેટમાં હતી એટલે તારા પપ્પાએ મોબાઈલ ફોન હાથમાં લીધો. એ જ સમયે ટોઈલેટમાંથી બહાર દોડી આવીને તેં સીંહગર્જના કરેલી, ‘મારા ફોનને હાથ લગાડવાની તમે હીમ્મત કેમ કરી ? ખબરદાર, મારા ફોનને હાથ લગાડ્યો છે તો !’ સ્ક્રીન પર ‘કૃતી’ નામ ઝબકતું હતું એટલે તારા ગરીબડા બાપે તને સામેથી ફોન આપીને કહ્યું હતું, ‘લે બેટા, તારી ફ્રેન્ડ કૃતીનો ફોન છે !’ એ ગમાર માણસને ક્યાં ખબર હતી કે સ્માર્ટ દીકરીએ લંપટ પ્રેમીનો ફોન કૃતીના નામથી સેવ કર્યો હતો ! જે પપ્પા–મમ્મી તને અનહદ પ્રેમ કરતાં હતાં, જે પપ્પા–મમ્મીને તારા માટે અનહદ ગૌરવ હતું; તે માતા–પીતાને છેતરવામાં, એમનું અપમાન કરવામાં, એમની સામાજીક પ્રતીષ્ઠાને હાની પહોંચાડવામાં તેં કોઈ કસર ન છોડી. તારા પપ્પાએ રડતાંરડતાં મને કહેલું, ‘મારા હજારો રુપીયા એ છોકરીએ લબાડ પુરુષ પાછળ ખર્ચી નાંખ્યા. એ લંપટ

માણસ મારી દીકરીને ફેરવતો, તેની સાથે છેડછાડ કરતો અને તેની પાસે રુપીયા પડાવતો.’ દીકરી, મારા તને કેટલાક પ્રશ્નો છે : તું આધુનીક યુગની બોલ્ડ અને બ્યુટીફુલ છોકરી છે તો પછી આડત્રીસ વર્ષના આધેડ વયના પ્રેમીને મળવા જતી વખતે તારો ચહેરો શા માટે છુપાવે છે ? કોઈને ત્યાં ધાડ પાડવા જતી હોય એ રીતે બુકાની બાંધીને પ્રેમીને મળવા માટે જવાનું ? તારો પ્રેમી આડત્રીસ વર્ષનો છે, ગરીબ છે, અભણ છે તેનો વાંધો નથી; પરન્તુ દારુડીયો છે, હીંસક વૃત્તીનો છે, બદચલન છે એ વાતનો તને ભય નથી લાગતો ? તારા પીતા કહેતા હતા કે તું એ લંપટ, હવસખોર માણસને તારું શરીર સોંપવા સુધી પહોંચી ગઈ છે. તો પત્નીને મારીને હાંકી કાઢનાર પુરુષને સોળમા વર્ષે તારું શરીર સોંપી દેતાં તને અરેરાટી ન થઈ ? પાપ કરી રહી હોવાનો ડંખ પણ તેં ન અનુભવ્યો ? તારી સાથે એ પુરુષ લગ્ન કરે તો તારી કેવી હાલત થશે તેનો તને વીચાર ન આવ્યો ? કુદરતે છોકરીઓને અને મહીલાઓને છઠ્ઠી ઈન્દ્રીય આપેલી છે. લંપટ, વાસનામાં અંધ બનેલા પુરુષને જોઈને તે સમજી જાય છે કે મારે આ બદમાશથી દુર રહેવાની જરુર છે, બચવાની જરુર છે. તું લખી રાખ દીકરી, કે આ હેવાન તારી સાથે લગ્ન નહીં કરે અને લગ્ન કરશે તો તારું શરીર વેચીને રુપીયા બનાવશે. તેં આ દુનીયા જોઈ નથી; એટલે તું મોહમાં અંજાઈને સર્વનાશ તરફ ધકેલાવા તૈયાર થઈ છે. જેઓ ભગવાનના સ્થાને છે એવા માતા–પીતાને દુ:ખી કરવાનો, છેતરવાનો, અપમાનીત કરવાનો, તારો અપરાધ અક્ષમ્ય છે અને

પ્રભુ તને એ ગુના માટે કદી માફ નહીં કરે. કમનસીબે તારી સાહેલીઓએ તને સંયમમાં રહેવાનું સમજાવવાને બદલે, તને સદ્ માર્ગે ચાલવાની સલાહ આપવાને બદલે, તને બહેકાવવાનું અને બુરાં કામોમાં મદદરુપ બનવાનું પસન્દ કર્યું એ બુકાનીધારી કન્યાઓ પાસે પણ સંસ્કાર નથી તેનું આ પરીણામ છે.

બેટી, પાછા ફરવામાં ખુબ મોડું થઈ ગયું છે, છતાં જો તું સર્વનાશના માર્ગેથી પાછી વળશે તો તને બચાવવાનો કોઈને કોઈ માર્ગ જડી આવશે. તું તારા પોતાના હીતનો વીચાર કરજે. આધુનીકતાના અંચળા હેઠળ તને દારુ પીવડાવનારા ઘણા મળશે; પરન્તુ તું જ્યારે તારાં કર્મોનું ફળ ભોગવતી હશે ત્યારે તારી મદદે કોઈ નહીં આવે. હું જોઈ શકું છું કે તારાથી ધરાઈ ગયેલો એ લંપટ પુરુષ, છ મહીના પછી કોઈ નવા શીકારની શોધમાં હશે. અગીયારમા–બારમા ધોરણમાં ભણતી માસુમ છોકરીની સાયકલમાં હવા પુરતી વખતે તેની સામે કામુક નજરે જોતાંજોતાં નીમન્ત્રણ પાઠવતો હશે કે; ફસાવું છે મારી જાળમાં ? મારો છઠ્ઠો શીકાર બનીને સેક્સનો આનન્દ માણવો છે ?

વહાલી દીકરી, પ્રભુ હજુ પણ તને સદ્બુદ્ધી આપે એવી મારી પ્રાર્થના છે અને તને મારા આશીર્વાદ પણ છે.

સંસ્કાર બીન્દુ

સાધુ મમત કરે નહીં,
પ્રેમી શરત કરે નહીં;
શંકા 'અમર' જરા ન કર,
કુદરત ગલત કરે નહીં.

... અમર ...



અનુક્રમણીકા

09

હરીકૃષ્ણ કોમ્યુનીટી સેન્ટર

હરીકૃષ્ણ એક્સપોર્ટ્સ પ્રા. લી.

સુરત – 395 004

વીના મુલ્યે 'કાઉન્સેલીંગ'

સન્તાનોની ગમ્ભીર વર્તન–સમસ્યાઓથી ચીન્તીત છો? વીના મુલ્યે 'કાઉન્સેલીંગ' માટે નીચે દર્શાવેલા તજ્જ્ઞોમાંથી કોઈ એકને, મુલાકાતનો સમય નક્કી કરીને, મળી શકો છો.

(1) ડૉ. શશીકાંત શાહ

(‘ગુજરાતમીત્ર’ના કટાર લેખક)

(0261) 277 6011
+91 98252 33110

(2) પ્રી. માયાબહેન દેસાઈ

(0261) 265 0138
+91 98795 63081

(3) ડૉ. રુમાબહેન અંજારીયા

+91 98251 12948
+91 94264 83311

(4) પ્રી. શીલાબહેન ફરસોલે

+91 93749 87282

(5) ડૉ. રેખાબહેન ભટ્ટ

0261-273 2939

+૯૧ ૯૨૨૮૮ ૯૦૨૦૩

(6) શ્રી. ઉમેશ ભટ્ટ

0261-225 5283
+91 98251 43964



અનુક્રમણીકા

ટાઈટલ પેજ : 02, 03 અને 04

હરીકૃષ્ણ કોમ્યુનીટી સેન્ટર

હરીકૃષ્ણ એક્સપોર્ટ્સ પ્રા. લી.

જુની પીપલ્સ બેન્કની પાછળ, ગોટાલાવાડી, કતારગામ રોડ,

સુરત – 395 004

સમ્પર્ક સુત્ર : 0261 – 250 5500

'હરીકૃષ્ણ ચેરીટેબલ ટ્રસ્ટ'ના સૌજન્યથી પ્રારંભાઈ રહેલા 'હરીકૃષ્ણ કોમ્યુનીટી સેન્ટર'માં શીક્ષણ અને સંસ્કાર આપવા માટેના તાલીમશીબીરો વીના મુલ્યે ચાલનાર છે. પ્રત્યેક માણસ સારો, મુલ્યનીષ્ઠ અને પ્રેમાળ માનવી બને એ દીશામાં કોમ્યુનીટી સેન્ટર અનેકવીધ પ્રવૃત્તીઓ ઉપાડશે.

નીચે પ્રમાણેના તાલીમશીબીરોમાં આપના પરીવારના સભ્યો ઉમ્મર અને જરુરીયાત અનુસાર ભાગ લે એવી અમારી વીનન્તી છે.

(1) 'ટીન–એજ' દીકરીઓ માટે સંસ્કારશીબીર :

આ શીબીર ચાર કલાકનો રહેશે. આ શીબીરમાં બારથી ઓગણીસ વર્ષની દીકરીઓને નીચેના વીષયો પર તાલીમ અપાશે :

- બદમાશ છોકરાઓને શી રીતે ઓળખશો ? એમનાથી શી રીતે બચશો ?
- સારા મીત્રો કઈ રીતે બનાવશો ?
- મોબાઈલ ફોનનો ઉપયોગ શી રીતે કરશો ?
- જીવનમાં માતા–પીતાનું મહત્ત્વ શું છે ?
- અભ્યાસમાં શ્રેષ્ઠ પરીણામ શી રીતે મેળવશો ?

(2) યુવાન–યુવતીઓ માટે મુલ્યલક્ષી વ્યક્તીત્વ–વીકાસ માટેનો કોર્સ :

આ કોર્સ બાર સપ્તાહનો રહેશે અને દર રવીવારે સવારે 10:00થી 11:00 ચાલશે. (કુલ બાર કલાકનો કોર્સ) આ કોર્સમાં નીચેના વીષયો પર તાલીમ અપાશે.

- આનન્દમય વ્યક્તીત્વ કેવું હોય ?
- ટાઈમ મેનેજમેન્ટ
- ટેલેન્ટ મેનેજમેન્ટ
- સ્વસ્થ માનવીય સમ્બન્ધો
- પ્રત્યાયન કૌશલ્યો
- લક્ષ્યનીર્ધારણ શી રીતે કરશો ?

- એસડબલ્યુઓટી (SWOT) એનાલીસીસ
- જીવનમાં નૈતીકમુલ્યોનું સ્થાન
- સાત્ત્વીક જીવનનો અર્થ અને મર્મ
- ચીન્તામુક્ત રહેવાના ઉપાયો
- સમાજલક્ષી સેવા પ્રવૃત્તીઓ
- પરીવારજીવનની ગુણવત્તા શી રીતે ટકાવશો ?

(3) અસરકારક વક્તા બનો :

પબ્લીક સ્પીકીંગની તાલીમ આપતો આ કોર્સ દસ કલાકનો રહેશે. પ્રત્યેક શનીવારે સાંજે 6:00 થી 7:00 આવવાનું રહેશે.

(4) માતા–પીતાઓ માટે વાલી સમ્મેલન :

દર મહીને એકવાર ત્રણ કલાકનો તાલીમશીબીર યોજાશે જેમાં બાળકો સાથે કઈ રીતે વર્તવું તેની તાલીમ વડીલોને અપાશે.

(5) વરીષ્ઠ નાગરીકોની જ્ઞાનસભા :

પંચાવન વર્ષની વય વટાવી ચુકેલા નાગરીકો માટે દર મહીનાના બીજા અને ચોથા શનીવારે સાંજે 4:00 થી 6:00 જ્ઞાનસભાનું આયોજન થશે. આ સભામાં શહેરના વીદ્વાન વક્તાનું પ્રવચન ગોઠવાશે અને પ્રશ્નોત્તર બેઠકમાં

વરીષ્ઠ નાગરીકોને પોતાના વીચારો રજુ કરવાની તક મળશે.

(6) સમસ્યારુપ બાળકો માટે કાઉન્સેલીંગનો કાર્યક્રમ :

સુરત શહેરના જુદા જુદા વીસ્તારોમાં અમે કાઉન્સેલર્સની નીમણુક કરી છે. સમસ્યારુપ બાળકોના વાલીઓ પોતાની નજીકના કાઉન્સેલરની એપોઈન્ટમેન્ટ મેળવીને બાળક સાથે વીના મુલ્યે કાઉન્સેલીંગ માટે જઈ શકશે. કાઉન્સેલરના નામ અને ફોન/સેલફોનની વીગત માટે આ લીન્ક પર ક્લીક કરશો.

ઉપરોક્ત તમામ કાર્યક્રમોમાં વીનામુલ્યે પ્રવેશ અપાશે. તાલીમ શીબીરમાં તાલીમાર્થીઓ માટે ચા/કોફીની સગવડ પણ રાખી છે.

વધુ માહીતી માટે કૃપા કરીને કોમ્યુનીટી સેન્ટરના માનદ્ કોઓર્ડીનેટર ડૉ. અનીલ સીંઘનો ફોન નંબર : 98254 19405 પર સંપર્ક સાધવા વીનન્તી છે. હરીકૃષ્ણ કોમ્યુનીટી સેન્ટરમાં માનદ્ સલાહકાર તરીકે ડૉ. શશીકાંત શાહ (શીક્ષણવીદ્ અને 'ગુજરાતમીત્ર'ના કટારલેખક) સેવા આપી રહ્યા છે.

(7) વીદ્યાર્થીઓ માટે અભ્યાસ કૌશલ્યો (સ્ટડી સ્કીલ્સ) વીકસાવવા શીબીર : આ શીબીરમાં શાળાઓમાં અભ્યાસ

કરતા વીદ્યાર્થીઓને અભ્યાસ કઈ રીતે કરવો, શ્રેષ્ઠ પરીણામ શી રીતે મેળવવું તેની ટૅક્નીક સમજાવવામાં આવશે. શીબીર ત્રણ કલાકનો રહેશે.

અનુક્રમણીકા

M

અમારાં પ્રકાશનો

નવી દૃષ્ટી, નવા વીચાર, નવું ચીન્તન માણવા ઈચ્છતા વાચક બીરાદરો માટે 'મણી મારુ પ્રકાશને' ઈ.બુક્સનું પ્રકાશન કરવાનું કાર્ય ઉપાડી લીધું છે. અમારાં પ્રકાશનો માત્ર સદ્ વીચારોના પ્રસાર માટે વાચકોને ઘણું ખરું ની:શુલ્ક મળતાં રહે તેવો અમારો પ્રયાસ રહેશે. અમે 4th October, 2015 સુધીમાં નીચે મુજબની સાત ઈ.બુક્સનું પ્રકાશન કર્યું છે :

1. 'અભીવ્યક્તી' બ્લોગ પર મુકાયેલા પ્રા. રમણ પાઠક (વાચસ્પતી)ના 25 લેખોની 'અભીવ્યક્તી'–ઈ.બુક – 01 (પાનાં : 113; મુલ્ય : મફત)
2. 'અભીવ્યક્તી' બ્લોગ પર મુકાયેલા શ્રી. દીનેશ પાંચાલના 25 લેખોની 'અભીવ્યક્તી'–ઈ.બુક – 02 (પાનાં : 108 ; મુલ્ય : મફત)

3. 'અભીવ્યક્તી' બ્લોગ પર મુકાયેલા શ્રી. મુરજી ગડાના 25 લેખોની 'અભીવ્યક્તી'–ઈ.બુક – 03 (પાનાં : 127; મુલ્ય : મફત)

4. પ્રા. રમણ પાઠક (વાચસ્પતી)ના ચીન્તનાત્મક 37 લેખોની (ઈ.બુક) – 'વીવેક–વલ્લભ' (પાનાં : 190; મુલ્ય : મફત)

5. પ્રા. રમણ પાઠક (વાચસ્પતી)ના 18 વીષયો પર લખેલ ચીન્તનાત્મક લેખોમાંથી તારવી કાઢેલ 206 રૅશનલ મુદ્દાઓનો ગ્રંથ (ઈ.બુક) – 'વીવેકવીજય' (પાનાં : 131; મુલ્ય : મફત)

6. શીક્ષણવીદ્ ડૉ. શશીકાંત શાહની ઈ.બુક 'આનન્દની ખોજ' (પાનાં : 53; મુલ્ય : મફત)

7. શીક્ષણવીદ્ ડૉ. શશીકાંત શાહની ઈ.બુક 'ટીન–એજ'માં બોયફ્રેન્ડથી સાવધાન' (પાનાં : 51; મુલ્ય : મફત)

'અભીવ્યક્તી' બ્લોગના મથાળે **'અભીવ્યક્તી–ઈ.બુક્સ'** વીભાગ http://govindmaru.wordpress.com/e-books/ માં ઉપરોક્ત **સાતેય** ઈ.બુક્સ મુકી છે. સૌ વાચક બન્ધુઓને ત્યાંથી તે ડાઉનલોડ કરી લેવા વીનન્તી છે. ઘણા નવા શીખેલાઓને કે વયસ્કોને ઈ.બુક ડાઉનલોડના વીધીની ફાવટ

નથી; તેવા વાચકમીત્રો, મને govindmaru@yahoo.co.in પર, પોતાનાં નામ–સરનામા સાથે મેલ લખશે તો સપ્રેમ ઈ.બુક્સ મોકલવામાં આવશે.

મણી મારુ

●‘ઈ.બુક’ પ્રકાશક●

405, સરગમ એપાર્ટમેન્ટ,

કૃષી યુનીવર્સીટી સામે, નવસારી.

પોસ્ટ : એરુ એ. સી. – 396 450

સેલફોન : 95 37 88 00 66

ઈ.મેઈલ : manimaru1712@gmail.com



અનુક્રમણીકા